RNI No. 6489/57

# શ્રી ઝાલાવાડી સ્થાનકવાસી જૈન સભા
# માસિક પત્રિકા

Issue : 6, Year: 71, September 2024, Pages: 52, Price Rs. 7.00

## શ્રી ઝાલાવાડી સ્થાનકવાસી જૈન સભા – મુંબઈ
## ઝાલાવાડી સભા ચેરીટેબલ ફાઉન્ડેશનને
## રૂા. એક કરોડનું ઓફીસ માટે અનુદાન

પ્રેરક દાતાશ્રી

## શ્રીમતી પ્રિયાબેન મહેન્દ્રભાઈ તુરખીયાનું સન્માન સમારોહ




ટ્રસ્ટીશ્રીઓ દ્વારા શ્રીમતી પ્રિયાબેન મહેન્દ્રભાઈ તુરખીયાએ આપેલ રૂા. એક કરોડનો સ્વીકાર તેમજ ઓફિસની નામકરણ વિધિ



રાષ્ટ્રગીતને ન્યાય આપતા મહાનુભાવો






ટ્રસ્ટીશ્રીઓ દ્વારા તુરખીયા પરિવારનું સન્માન

આપણું ઝાલાવાડ.....સમૃદ્ધ ઝાલાવાડ

# શ્રી ઝાલાવાડી સ્થાનકવાસી જૈન સભા મુંબઈ



## આદરણીય શ્રી ડૉ. વિનોદભાઈ વ્રજલાલ શેઠ

## ''ઝાલાવાડ રત્ન''

અતુટ આત્મવિશ્વાસ, મજબૂત મનોબળ સાથે સરળ, સાદુ અને શાંત જીવન એ **ડો. શ્રી વિનોદભાઈ શેઠ**નાં વ્યક્તિત્વની એક આગવી જીવન શૈલી રહી છે. આપે સતત સંઘર્ષ કરવા સાથે જીવનરૂપી મેચમાં અણનમ સફળ ખેલાડી રહીને, એક સેવાભાવી ડોક્ટર તરીકે સતત સેવાકિય કાર્યો કરતા રહીને, જીવનરૂપી મેચ આપ જીતતા ગયા અને સેન્ચુરી તરફ આગળ વધતા રહયા. આપ આપના જીવન શતકની સેંચુરી ચોક્કસ કરશો, જે આપના જીવનની સફળતાનો સોનેરી અવસર બની રહેશે, આ જ આત્મવિશ્વાસ સાથે અમો સૌ સમાજ પરિવારજનો આજે આપને ''ઝાલાવાડ રત્ન'' થી સન્માનીત કરવા ખુબ જ ઉત્સાહિત છીએ.

એક કુટુંબ વડિલ તરીકે આપે આપના કુટુંબ - પરિવારજનોને હૂંફ આપવા સાથે સૌની કાળજી લઈને દરેકનું સરસ જતન પણ કરેલ છે. કુટુંબ - પરિવારજનોમા સંપ, સંસ્કાર સાથે સૌને આગળ લાવવામાં આપની અસીમ ભૂમિકા રહી છે. આપ સાચો રાહ ચિંધનારા એક સાચા રાહબર રહયાં છો. એક ડોકટરથી પણ વિશેષરૂપે પેશન્ટો સાથેનાં માનવતા અને પરોપકાર રૂપી આત્મભાવ સુવાસથી મહેંકતા સંબંધોએ આપ સૌના હૃદયસ્થ રહયાં છો. આદરણીય રહયાં છો.

શરૂઆતમાં આપની સાધારણ સ્થિતિમાં મુંબઈમાં રોડ ઉપરની સ્ટ્રીટ લાઈટમાં ભણીને આપ ડોકટર બન્યા. અંધેરી ઝાલાવાડનગરમાં વન રૂમ કિચનમાં આપ સાત ભાઈ બહેનો સાથે નાના રહેણાંક રહીને આપે ત્યાંજ દવાખાનું ચાલુ કરી પ્રેકટીશ શરૂ કરેલ. મોટાભાઈ પિતા સમાન હોય છે, આ ઉમદા ફરજ આપે બજાવી કુટુંબ - પરિવાર ભાવને સાર્થક કરી જાણ્યો. અંધેરી અને જુહુ સ્થિત આપના બન્ને દવાખાનાઓ ઉપર દિવસમાં બે વાર લગભગ ૩ કિલોમીટર રોજ ચાલીને જઈને આપે દરદીઓની ઉમદા સેવા કરેલ છે. એજયુકેશન ક્ષેત્રે - મેડીકલ ક્ષેત્રે તેમજ સાધર્મિક ભક્તિ ક્ષેત્રે, જીવદયા ક્ષેત્રે વગેરેમાં આપ અનેકવિધ સેવા કાર્યો સક્રિયરૂપે કરતા રહયાં છો. આપના ધર્મપત્ની **શ્રીમતી કોકિલાબેન** નો ઉમદા સાથ સહકાર આપનો મુખ્ય પ્રેરણાસ્રોત રહયો છે.

અંધેરી મેડિકલ એસોસીયેશનમાં પ્રમુખ, ઈન્ડિયન મેડિકલ એસોસીયેશનમાં પ્રમુખ, જૈન સોશ્યલ ગ્રુપ અંધેરી તથા રીજીયનમાં પ્રમુખ, ઝાલાવાડી મિત્ર મંડળમાં ટ્રસ્ટી, ઝાલાવાડી સભા ફાઉન્ડેશનમાં ટ્રસ્ટી વગેરે ઘણી સંસ્થાઓમાં આપે ઉમદા સેવાઓ આપેલ છે. લોકોને મદદરૂપ થવું એ આપનો પહેલેથી જ ઉમદા સ્વભાવ રહયો છે. આર્થિક તકલીફ વાળા પેશન્ટો પાસેથી ફી લીધા વગર સેવા આપતા, આપ સેવાભાવી ડોકટર રહયાં છો. નિયમિત સ્થાનકવાસી જૈન ઉપાશ્રયે જવાના નિત્યક્રમ સાથે સાધુ - સાધ્વીજી ભગવંતોની વૈયાવચ્ચ કરવાની ઉદાત ધર્મભાવના સમું આપનું જીવન ધર્મમય રહયું છે.

એક નાના સામાન્ય વ્યક્તિથી શરૂ થયેલી જીવન સફરમાં સેવાકિય પ્રવૃતિઓ સાથેની આપની કારકિર્દીની સફર પ્રેરણામય રહી છે. આપના સેવાકાર્યોની પ્રતિભાએ, કૌટુંબીક લાગણીનાં ઉદાતભાવોએ, ઉમદા ધર્મભાવનાની અનુમોદનાએ આપ **ડો. શ્રી વિનોદભાઈ વ્રજલાલ શેઠ**ને આજે **ઝાલાવાડ રત્ન** એવોર્ડ અર્પણ કરી સન્માનિત કરતા શ્રી ઝાલાવાડી સ્થાનકવાસી જૈન સભા મુંબઈ અને ઝાલાવાડી સભા ચેરીટેબલ ફાઉન્ડેશન મુંબઈ ગૌરવ અનુભવે છે. આપના સ્વસ્થ સ્વાસ્થય માટે પ્રભુને પ્રાર્થના સહ આપને ખૂબ સારી શુભકામનાઓ પાઠવીએ છીએ.

શનીવાર તા. ૧૦-૮-૨૦૨૪, મુંબઈ

લી. પ્રવીણભાઈ ગભીરચંદ શાહ
ટ્રસ્ટી / પ્રમુખ
તથા ટ્રસ્ટીગણ અને કારોબારી સમીતી

# શ્રી ઝાલાવાડી સ્થાનકવાસી જૈન સભા મુંબઈ



## આદરણીય શ્રી રમેશભાઈ ભોગીલાલ વોરા

## ''ઝાલાવાડ ગ્લોબલ રત્ન''

ઝાલાવાડની જોમવંતી ભૂમિ વર્ધમાનપૂરી (વઢવાણ)નાં હાલ દુબઈ સ્થિત સેવાર્થી સખાવતી શ્રેષ્ઠી **શ્રી રમેશભાઈ ભોગીલાલ વોરા** આપનું સરળ, સાદગી અને સૌમ્ય વ્યક્તિત્વ સહ ઉદારતા અને દિલેરતાની ઓળખ હંમેશા રહી છે. સાલસ - માયાળુ સાથે સાહસિક - દુરદેશી એવા દિલમાં વસી જાઓ તેવું આપનું વ્યક્તિત્વ રહ્યું છે.

આપ કારકિર્દી અર્થે દુબઈમાં નસીબ અજમાવવા પહોંચ્યા. પુરૂષાર્થ, નિતીમત્તા, વિશ્વસનીયતા, પ્રમાણીકતા થકી આપે બિઝનેસમાં અનેક સફળતાઓ - સિદ્ધિઓ પ્રાપ્ત કરેલ છે. સાથોસાથ સમાજમાં આપની ખૂબ જ ઉંચી અને સ્વચ્છ ઈમેજ અંકિત થયેલ છે. દુબઈમાં બિઝનેસની ખૂબ જ સારી સફળતા સાથે આપે અરબ તેમજ અન્ય દેશોમાં પણ બિઝનેસને વિસ્તારીત કરતા વિશેષરૂપ સફળતા - સિદ્ધિઓને પામ્યા છો. દુબઈ તથા અરબ દેશોમાં પ્રતિષ્ઠિત ગુજરાતીઓ - અરબીઓ તેમજ બિઝનેસ મેન સાથેનાં આપના સુમેળ ભર્યા સંબંધોએ ગુજરાતી સમાજ અને બિઝનેસ ક્ષેત્રમાં આપની એક આગવી અને સન્માનીય ઓળખ ભરી નામના રહી છે.

માર્ચ - ૨૦૧૭માં આપની કંપની **બાફલેહ જ્વેલર્સ** ને **'' વન ઓફ ધ ટોપ હોલસેલ જ્વેલર્સ દુબઈ (મીડલ ઈસ્ટ)''** નાં હાઈએસ્ટ ઈમ્પોર્ટર્સ તરીકેનો એવોર્ડ મુંબઈમાં મહારાષ્ટ્રનાં મુખ્ય મંત્રી શ્રી દેવેન્દ્ર ફડણવીસનાં હસ્તે આપને અર્પણ કરવામાં આવેલ હતો. **જ્વેલરી વર્લ્ડ એવોર્ડસ દુબઈ ૨૦૨૨** નાં એવોર્ડ સમારંભમાં આપના પુત્ર **શ્રી ચિરાગભાઈ** ને **''યંગ એન્ટરપ્રીન્યોર ઓફ ધ યર''** નાં એવોર્ડથી સન્માનિત કરવામાં આવેલ જે આપના પારિવારીક બિઝનેસની સાહસિકતાનાં ઉજળા વારસા સમાન છે. શ્રી ઝાલાવાડી સ્થાનકવાસી સભા મુંબઈ, શ્રી વઢવાણ મિત્રમંડળ મુંબઈ અને વઢવાણ - સુરેન્દ્રનગરમાં શ્રી સી. યુ. શાહ મેડિકલ કોલેજ હોસ્પીટલ, શ્રી સી. જે. હોસ્પીટલ, શ્રી વઢવાણ મહાજન પાંજરાપોળ, શ્રી વિતરાગ સેવા કેન્દ્ર, વૃદ્ધાશ્રમ, ઋષિતીર્થ, માતૃવંદના, સ્થાનકવાસી જૈન ઉપાશ્રય વગેરે તેમજ મુંબઈની પણ ઘણીબધી સામાજીક - ધાર્મિક સંસ્થાઓમાં આપે ઉલ્લેખનીય યોગદાન આપી દાનધર્મ અને સેવાની સુવાસને મહેંકતી રાખેલ છે.

જેમ એન્ડ જ્વેલરી એક્ષપોર્ટ પ્રમોશન કાઉન્સીલ ઈન્ટરનેશનલ (ભારત સરકાર)માં મીડલ ઈસ્ટનાં કોઓર્ડીનેટર તરીકે આપે સેવાઓ આપેલ છે. વઢવાણ સી. યુ. શાહ યુનિવર્સીટીમાં આપ ટ્રસ્ટી પદે સેવા આપી રહયાં છો. વઢવાણમાં આપના **માતુશ્રી શારદાબેન** નાં નામે સ્કુલ નિમાર્ણ અર્થે આપે રૂ. ૨ કરોડનું યોગદાન આપેલ છે. ધર્મ, સેવા અને સત્કાર્યોનાં આપના પ્રેરણાર્થી એવા ધર્મપરાયણ આપનાં **જીવનસંગીની શ્રીમતી ભારતીબેન** નાં ઉમદા સહયોગથી આપ અનેકવિધ સારા અને શુભ કાર્યોનાં સમર્થ સ્વામી રહયાં છો. આપે અવારનવાર એજ્યુકેશન ક્ષેત્રે, મેડિકલ ક્ષેત્રે, સાધર્મિક ભક્તિ ક્ષેત્રે, જીવદયા ક્ષેત્રે, ધાર્મિક ક્ષેત્ર વગેરેમાં આપે ઉદાર દિલે ઉત્કૃષ્ટ યોગદાન આપી ઉમદા લાભો લઈને પુણ્યનું ભાથું બાંધેલ છે.

સંસ્કારિતા સાથે સેવા સત્કાર્યો કરતા આપ અને આપનો પરિવાર સુખ, સમૃદ્ધિ સાથે સ્વસ્થ સ્વાસ્થ્ય પામી વધુ સારા સેવાનાં કાર્યો કરવા સમર્થ બનો એજ શુભેચ્છા. આપ **શ્રી રમેશભાઈ ભોગીલાલ વોરા** ને આજે **ઝાલાવાડ ગ્લોબલ રત્ન** એવોર્ડ અર્પણ કરી સન્માનિત કરતા શ્રી ઝાલાવાડી સ્થાનકવાસી જૈન સભા મુંબઈ અને ઝાલાવાડી સભા ચેરીટેબલ ફાઉન્ડેશન મુંબઈ ગૌરવ અનુભવવા સાથે આપને ખૂબ સારી શુભકામનાઓ પાઠવીએ છીએ.

લી. પ્રવીણભાઈ ગભીરચંદ શાહ
ટ્રસ્ટી / પ્રમુખ
તથા ટ્રસ્ટીગણ અને કારોબારી સમીતી

શનીવાર તા. ૧૦-૮-૨૦૨૪, મુંબઈ

# શ્રી ઝાલાવાડી સ્થાનકવાસી જૈન સભા મુંબઈ



# શ્રીમતી સંધ્યાબેન બિપિનભાઈ શાહ

## ''અભિનંદન સૌરભ સ્મૃતિ''

મા, માતૃભૂમિ, માતૃસંસ્થા અને માતૃભાષાને સમર્પિત આપ મા સરસ્વતીદેવીનાં ઉપાસિકા અને મા સરસ્વતીદેવીનાં કૃપાપાત્ર રહયાં છો. આપની જ્ઞાન સાધનાએ આપની કલમે લખાયેલ આલેખનો, કૃતિઓ વગેરેએ સમાજ હિત અને વિકાસ માટે અગત્યનાં અને મહત્વપૂર્ણ સાથે અસરકારક રહયાં છે. આપની ઉત્કૃષ્ટ લેખન કળાએ વાંચકોમાં - સમાજમાં જાગૃતિ લાવવામાં સાથે સમાજ માટે દિશાચિહ્ન રહયાં છે. આપની આગવી લેખન શૈલી વાંચક વર્ગની રૂચિ અને પસંદિતા રહી છે.

શ્રી ઝાલાવાડી સ્થાનકવાસી જૈન સભા માસિક પત્રિકામાં આપની કલમે હંમેશા ઝાલાવાડી સભાનાં વાચકોને ખૂબ જ ઉપયોગી, માહિતીસભર જ્ઞાન ગોષ્ઠી સાથે જ્ઞાન સાહિત્યનું રસપાન કરાવેલ છે. ઝાલાવાડી સ્થાનકવાસી પત્રિકાનાં તંત્રીપદે આપે તંત્રીપદની ગરીમાને માનભેર જાળવવા સાથે તંત્રીપદને શોભાવ્યું પણ છે. પત્રિકાનાં તંત્રી તરીકે પત્રિકાનાં સંકલન - સંપાદન કાર્ય સાથે આપના વૈવિધ્યસભર લેખોની આલેખન શૈલીએ સૌ વાંચકોની પ્રિય પત્રિકા બનતા સમાજમાં પત્રિકા ગૌરવવંત પ્રતિષ્ઠા પાત્ર સ્થાન પામેલ છે.

ગુજરાતી ભાષા, ગુજરાતી લોકો અને ગુજરાતી સંસ્કૃતિ પ્રત્યેનાં આપના અદ્‌ભુત લગાવે આપની કલમ દ્વારા ગુજરાતી સાહિત્ય ગૌરવ પ્રદાન રહયું છે. વાંચકોમાં આપની અદ્‌ભુત લોકચાહનાનાં બની છે. છેલ્લા ૨૫ વર્ષ દરમ્યાન કાર્યવાહક સમિતિનાં સભ્ય અને પત્રિકાનાં તંત્રી તરીકે નિષ્ઠાપૂર્વક સેવાઓ આપી પત્રિકાને ઉચ્ચ સ્થાને પહોંચાડી આપે તેને ખૂબ જ લોકપ્રિય બનાવેલ છે. આપણા સમાજ અને પત્રિકા પ્રત્યેની આપની સમર્પિત સેવાઓ અને નિષ્ઠાવાન ફરજોએ સમાજને સંગઠિત - વિકસિત બનાવવા સાથે પત્રિકાને ઉન્નતિનાં શિખરે પહોંચાડેલ છે.

આપે સમાજને આત્મભાવે જે કાંઈ આપ્યુ, સમાજે એજ અહોભાવ, આદરભાવે આપને સ્વમાનભેર સન્માનિત કરેલ છે. મુંબઈ જૈન પત્રકાર સંઘનાં ચાર એવોર્ડથી તેમજ યુનાઈટેડ સ્ટેટ્સ એજ્યુકેશનલ ફાઉન્ડેશન દ્વારા ''ટિચિંગ એક્સલંસ એન્ડ એચીવમેન્ટ'' કાર્યક્રમ અંતર્ગત અમેરિકા જઈને શૈક્ષણીક તાલીમ મેળવનાર આપને શિક્ષણ વિભાગ દ્વારા સન્માનિત કરવામાં આવેલ. ૨૦૦૯માં આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ પર મેયર અવોર્ડથી, રોટરી કલબ તરફથી વોકેશનલ એક્સેલન્સ એવોર્ડથી, એસ.એન.ડી.ટી. યુનિવર્સિટીથી માતૃભાષા ગૌરવ સન્માનથી, જૈન સોશ્યલ ગ્રુપ તરફથી પ્રશંસા એવોર્ડથી આપનું સન્માન એ ગૌરવ સમાન છે. ઝાલાવાડી જૈન સમાજનાં કોઈપણ કાર્યક્રમો હોય, સમારોહ હોય, યોજનાઓ - આયોજનો હોય આપના સાથ સહકાર સાથેનાં માર્ગદર્શન અને સહયોગ સરાહનીય છે.

આપ અને આપનો પરિવાર સુખ, સમૃદ્ધિ સાથે સ્વસ્થ સ્વાસ્થ્ય પામે. આપના વિચારો અને આપનાં આલેખનો સમાજ ઉત્કર્ષ માટે સિમાચિહ્ન બની રહે એજ શુભેચ્છા. આપ **શ્રી સંધ્યાબેન બિપિનભાઈ શાહ** ને આજે આ **સન્માન પત્ર** અર્પણ કરી સન્માનિત કરતા શ્રી ઝાલાવાડી સ્થાનકવાસી જૈન સભા મુંબઈ અને ઝાલાવાડી સભા ચેરીટેબલ ફાઉન્ડેશન મુંબઈ ગૌરવ અનુભવવા સાથે આપને ખૂબ સારી શુભકામનાઓ પાઠવીએ છીએ.

લી. પ્રવીણભાઈ ગભીરચંદ શાહ
ટ્રસ્ટી / પ્રમુખ
તથા ટ્રસ્ટીગણ અને કારોબારી સમીતી

શનીવાર તા. ૧૦-૮-૨૦૨૪, મુંબઈ

# શ્રી ઝાલાવાડી સ્થાનકવાસી જૈન સભા-મુંબઈ

## ડિજિટલ વસ્તી-પત્રકના મુખ્ય દાતા શ્રી

## શ્રીમતી કૈલાસબેન વિનોદભાઈ ગોપાણી
## શ્રી વિનોદભાઈ તુલસીદાસ ગોપાણી તરફથી

## રૂા. ૧૫ લાખનું માતબર અનુદાન



શ્રીમતી કૈલાસબેન વિનોદભાઈ ગોપાણી



શ્રી વિનોદભાઈ તુલસીદાસ ગોપાણી

વઢવાણ શહેર નિવાસી હાલ કાંદિવલી (વેસ્ટ)

| | | | | | |
|---|---|---|---|---|---|
| પુત્ર | - ચિરાગ | પુત્રવધુ | - જલ્પા | પૌત્રી | - સિયા |
| પુત્રી | - ડૉ રીમા ગાંધી | જમાઈ | - પિનાકીનભાઈ | દોહિત્ર | - કથન |

ઝાલાવાડી સભાના સ્વજન સમા શ્રી વિનોદભાઈ ગોપાણીએ, ટ્રસ્ટીશ્રીએ ડિજિટલ વસ્તી-પત્રકની ટહેલ મુકતા જ ઉમળકાભેર પોતાનું રૂા. ૧૫ લાખનું અનુદાન નોંધાવ્યું. તેઓએ ઝાલાવાડી સભા ચેરિટેબલ ટ્રસ્ટ, શૈક્ષણિક ઉત્કર્ષ યોજનામાં રૂા. પાંચ લાખ તથા દેવલાલી સેનેટોરિયમમાં રૂા. ત્રણ લાખનું યોગદાન આપેલ છે. તાજેતરમાં શ્રી વઢવાણ મહાજન પાંજરાપોળમાં રૂા. પાંચ લાખ તથા શ્રી વિતરાગ સેવા કેન્દ્રમાં રૂા. દોઢ લાખ અર્પણ કરેલ છે. ઝાલાવાડી સભાના પ્રત્યેક સમારોહમાં ઉત્સાહપૂર્વક સહભાગી થનારા સાયન મિત્ર મંડળના ટ્રસ્ટી શ્રી વિનોદભાઈના અનુદાનની ભૂરિ ભૂરિ અનુમોદના.

Bio-Data

# JHEEL YOGESH GOPANI

## ABOUT ME

Coming from a joint family, I find solace in spending quality time with my family and friends. I am an avid reader and find comfort in music. I love exploring the great outdoors and aspire to travel the world.



## PERSONAL DETAILS

Date of birth: September 21, 1999; 09:22 AM
Place of birth: Borivali (W), Mumbai
Height: 05'03"
Caste: Zalawadi Visha Shrimali Sthanakwasi Jain
Native place: Botad, Saurashtra
Residence: 101/102, Sangita Nest, Above 'Spice 57' Restaurant, Rambhau Barve Marg, Vile Parle (E), Mumbai - 400057

## EDUCATION AND PROFESSION

- Currently Senior Actuarial Manager - II at ICICI Prudential Life Insurance Co.
- Pursuing Actuarial Science (cleared 11/15 papers)
- B.Sc. (Applied Statistics and Analytics) from NMIMS

## FAMILY DETAILS

| | | |
|---|---|---|
| • Grandparents | : Late. Shri Pravinchandra Chunilal Gopani | |
| | Smt. Yashomati Pravinchandra Gopani | 7666112426 |
| • Father | : Yogesh Pravinchandra Gopani | 9321043744 |
| Occupation | : Manufacturer of imitation jewellery parts - Vile Parle (E) | |
| • Mother | : Alpa Yogesh Gopani | 9969206812 |
| Occupation | : Home-maker | |
| • Motapappa and | : Nilesh Pravinchandra Gopani | 9820942288 |
| Motimummy | Rupa Nilesh Gopani | 9969206813 |
| • Siblings | : Manav Yogesh Gopani (pursuing Chartered Accountancy) | |
| | Kalpi Bhavya Sanghvi (d/o Nilesh P. Gopani) | 9819811244 |
| • Brother-in-Law | : Bhavya Samirbhai Sanghvi | 9821796187 |
| • Fiya and Fua | : Sejal Piyushkumar Vora | 9869457696 |
| | Piyushkumar Lalitbhai Vora | 9821478847 |
| • Uncles | : Shantikumar Dhirajlal Gopani | 9892253732 |
| | Vijay Dhirajlal Gopani | 9619686995 |

## MATERNAL DETAILS

| | | |
|---|---|---|
| • Mosal | : Shri Jashvantlal Chamanlal Doshi - Borivali (W) | 9167113137 |
| | Smt. Manjulaben Jashvantlal Doshi | |
| | Dr. Bipinbhai Chamanlal Doshi | 9821052413 |
| • Masis | : Shilpa Neeraj Verma | 9820318147 |
| | Trupti Kamal Shah | 9224232416 |

Advt.



શ્રી ઝાલાવાડી સ્થા. જૈન સભા (મુંબઈ)
સ્થાપના : ઈ. સ. ૧૯૦૩

**માસિક પત્રિકા**

સપ્ટેમ્બર ૨૦૨૪
વર્ષ : ૭૧ : : અંક : ૬
: તંત્રી :
શ્રી શરદભાઈ એમ. ગાંધી
માલિક :
શ્રી ઝાલાવાડી સ્થા. જૈન સભા–મુંબઈ
: મુદ્રક અને પ્રકાશક :
શ્રી પ્રવીણભાઈ ગંભીરચંદ શાહ
: પ્રકાશન સ્થાન :
૩૦૧, બે વ્યુ (ઈસ્ટ), ત્રીજે માળે,
૪૭, ડૉ. એમ. બી. વેલકર સ્ટ્રીટ,
(કોલભાટ લેન) ચીરાબજાર,
મુંબઈ–૪૦૦ ૦૦૨.
મો.: ૭૨૦૮૪૭૨૮૮૪, ૭૨૦૮૪૮૧૭૯૧
Email : zalawadisabha@gmail.com
મુદ્રણસ્થાન : રાજેશ પ્રિન્ટરી,
૧૧૫, પ્રગતિ ઈન્ડસ્ટ્રીયલ એસ્ટેટ,
૩૧૬, એન. એમ. જોશી માર્ગ,
ડિલાઈલ રોડ, લોઅર પરેલ (ઈસ્ટ)
મુંબઈ–૪૦૦૦૧૧. ફોન :૯૮૬૭૫૪૦૫૨૪
: ફક્ત પત્રિકાનું લવાજમ :
ત્રણવર્ષના રૂપિયા ૧૦૦૦/–+18%GST
ત્રણ વર્ષના કુલ રૂપિયા ૧૧૮૦/–
છૂટક નકલ રૂા. ૭/–

**શ્રી ઝાલાવાડી સ્થા. જૈન સભા**
**ઑફિસના કામકાજનો સમય**
**સવારના ૧૧–૦૦ થી સાંજના ૭–૦૦**

*શ્રી ઝાલાવાડી સ્થા. જૈન સભા, માસિક પત્રિકામાં પ્રગટ થતાં લેખો કે વિચાર લેખકના અંગત વિચાર છે, તથા જાહેરખબરમાં જણાવેલી માહિતીની સત્યતા બાબતે તેની સાથે સંસ્થાના હોદ્દેદારો / તંત્રી સહમત છે એમ માની લેવું નહી. તેની ખાસ નોંધ લેવી. કાનૂની કાર્યવાહીનું અધિકાર ક્ષેત્ર મુંબઈ રહેશે.*



**અમે માનવ છીએ.**
**અસંખ્ય પ્રયત્નો છતાં,**
**ભૂલ ને પાત્ર છીએ.**
**કોઈપણ ક્ષણે,**
**મન, વચન, હૃદય કે કાયાથી**
**અમારાથી થયેલી ભૂલ બદલ**
**આપ સર્વેની વ્યક્તિગત**
**માફી ચાહીએ છીએ.**

# મિચ્છામિ દુક્કડમ્

✽

**શ્રી ઝાલાવાડી સ્થા. જૈન સભા – મુંબઈ**
**ઝાલાવાડી સભા ચેરીટેબલ ફાઉન્ડેશન**
**ક્ષમાભિલાષી**
**પ્રવિણભાઈ ગંભીરચંદ શાહ**
**ટ્રસ્ટી - પ્રમુખ**
**સમગ્ર ટ્રસ્ટીગણ - હોદ્દેદારો - તંત્રી**
**તથા કારોબારી સભ્યો**

# ''ઉડાવપણું ઉદારતાં નથી અને કરકસર કંજુસાઈ નથી''

**રતનશી ટી. ઠક્કર**

નસીબનાં બળે યા ખોટાં રસ્તેથી થોડાં સમયમાં અને ઓછી મહેનતથી કમાયેલાં ઘણાં શ્રીમંતો સગાઈ, લગ્ન તથા જન્મદિવસ યા કોઈ પણ ખુશીનાં પ્રસંગોએ બેફામ ખર્ચાઓ કરે છે. અને લગ્ન પ્રસંગોમાં તો મહેંદી રસમ, દાંડિયારાસ, ગરબા પાર્ટી, સંગીત પાર્ટી, કોકટેલ પાર્ટીઓ જેવા અનેક કાર્યક્રમો ગોઠવે છે. જેમાં લાખો રૂપિયાઓ ખર્ચે છે. અને અમુક તવંગરો તો આથી પણ વિશેષ મોટાં મોટાં નટ અને નટીઓને કરોડો રૂપિયા ખર્ચીને સામેથી આમંત્રણો આપીને હાજરી આપવા તથા તેમને વરઘોડામાં નચાવવા ખર્ચે છે. આ રીતે પોતે મોટાં ઉદારતાવાદી છે. તેવી સમાજમાં છાપ ઉપસાવે છે. અને આજ બેફામપણે નાણાંઓ ઉડાવનારોએ પાસે જો કોઈ જરૂરીયાતમંદ વ્યક્તિ યા કોઈ સામાજિક સંસ્થાઓવાળાઓ ફંડ ફાળો ઉઘરાવવા જાય છે. તો તેમને કેબિન બહાર બેસાડી રાખી ઠુકરાવીને ભગાવી દે છે. અગર જો તેઓને જો નસીબજોગે રૂબરૂ મળી પણ જાય તો હમણાં અમારો ધંધો બરોબર નથી ચાલતો અને ચારે બાજુએ નાણાં રોકાઈ ગયાં તેવાં બહાના બતાવી તેઓને પાછાં મોકલે છે. (આમાં અપવાદ લેખે થોડાં ભલા લોકો પણ છે જેનાં લીધે સામાજીક સંસ્થાઓ ચાલે છે)



જ્યારે સિક્કાની બીજી બાજુ જોઈએ કરકસરીયાઓની. થોડાં સમય પહેલાં મે ઉત્તર પ્રદેશમાં ૧૧૦ વરસ પહેલાં એક મહાન વિદ્યાવાન પંડિત શ્રી માલવિયાજી જેમણે કાશી બનારસમાં એક મોટાં વિદ્યાલયનું નિર્માણ કરવાનું કાર્ય શરૂ કર્યું હતું તેમનાં એક સત્ય પ્રસંગનું તેમણે જે લખ્યું તે મે વાંચ્યું હતું જેમાં તેઓ વિદ્યાલયના નિર્માણ માટે થનાર ખર્ચ માટે ગામેગામ અને ઘરે ઘરે ફાળો ઉઘરાવવા જતાં હતાં. તેમાં તેઓ એક વખત એક ગામમાં મોટાં જમીનદારનાં ઘરે ગયાં જમીનદારે તેમને બહુજ આદર ભાવ પ્રણામ કરી પોતાનાં આસન પર બેસાડ્યાં અને નોકરને પંડિતજી માટે ગરમ દુધ લાવવાં કહ્યું. નોકરે દુધ ગરમ કરવાં માચીસની એક કાંડી પેટાવી જે બુઝાઈ ગઈ બીજી પેટાવી તે પણ બુઝાઈ ગઈ અને જેવી ત્રીજી કાંડી પેટાવવા ગયો તે આ બધું જોઈ રહેલાં જમીનદારે જોરથી રાડ પાડીને નોકરને દમ માર્યો કે કાંડી શું મફતમાં આવે છે. આ બધું જોઈને અને સાંભળીને પંડિતજી વિચારમાં પડી ગયાં કે હું ક્યાં સવારના પહોરમાં આવાં કંજુસ જમીનદારના ઘરે ફાળો ઉઘરાવવા આવ્યો છું આનાં કરતાં બીજે ગયો હોત તો સારૂ થાત. થોડીવારમાં નોકર ગરમ દૂધ લાવ્યો જે પીધાં બાદ પંડિતજી વિચારવા લાગ્યાં કે આ કંજુસ પાસે કેવી રીતે માંગુ ? વિચારમાં પડેલાં પંડિતજીને જમીનદારે બે હાથ જોડી તેમનાં ઘરે પધારવાં માટેનું કારણ પૂછતાં. પંડિતજીએ ડરતાં ડરતાં એક મોટી વિદ્યાલયનાં નિર્માણ માટે ફાળો આપવાની રજૂઆત કરી જે જમીનદારે હસતાં મોઢે સ્વીકારીને નોકરને ચેક બુક લાવવાં કહ્યું. નોકરે ચેક બુક લાવી આપી એટલે જમીનદારે એક લાખ રૂપિયાના ચેક લખીને પંડિતજીનાં હાથમાં મૂક્યાં (તે જમાનામાં લાખ રૂપિયા એટલે આજનાં કરોડો રૂપિયાં થાય.) એ ચેકને હાથમાં લઈને પંડિતજી આંખો ફાડીને ચેક જોતાં રહ્યાં એટલે જમીનદારે પંડિતજીને પૂછ્યું કે શું જુઓ છો ? અને શું વિચારી રહ્યાં છો ? એટલે પંડિતજીની વાત કરવાની હિંમત ચાલતી ન હતી પણ તેમણે હિંમત કરીને જમીનદારને પૂછ્યું કે તમો નોકરને બે કાંડી વધારે બાળવા માટે ખૂબ વઢ્યાં અને ગુસ્સે થયાં જ્યારે મને આટલી મોટી રકમનો ચેક ફટાંક કરતો આપી દીધો એટલે મને તો ખૂબ આશ્ચર્ય સાથે નવાઈ લાગે છે. એટલે જમીનદારે કહ્યું કે પંડિતજી તમો ભણ્યા છો પણ ગણ્યા નથી. મેં જે પણ કમાવ્યું છે તે સારા કામ માટે વાપરવાં કમાવ્યું છે. ખોટાં રસ્તે ખોટી રીતે ઉડાવવા માટે નહીં. એટલે આ ઉપરથી દરેક વ્યક્તિએ સમજવાનું છે કે ઉડાવપણું ઉદારતા નથી અને કરકસર એ કંજુસાઈ નથી.

❖❖❖

# શ્રી ઝાલાવાડી સ્થાનકવાસી જૈન સભા - મુંબઈ
# ઝાલાવાડી સભા ચેરીટેબલ ફાઉન્ડેશન
# શ્રીમતી પ્રિયાબેન મહેન્દ્રભાઈ તુરખીયા
## નવી ઓફીસ નામકરણ - ઓફીસ વર્ચ્યુઅલ ઉદ્‌ઘાટન

## ઝાલાવાડ રત્ન • ઝાલાવાડ ગ્લોબલ રત્ન એવોર્ડ • સન્માન
## સમાજ સહયોગી દાતાશ્રીઓનો સત્કાર અને બહુમાન

**આપણું ઝાલાવાડ...સમૃદ્ધ ઝાલાવાડ...**આ આપણે વાંચીએ કે સાંભળીએ એટલે વતન ભૂમિની માટીનો જાણે રક્ત સંચાર થાય અને શરીરમાં ઝાલાવાડી હોવાનો જોશ જાગી ઉઠે...ખમીરવંતી ખુમારી ખીલી ઉઠે...વતન અને આપણા સમાજ માટે દાન સેવાનાં સમર્પિત ભાવો જાગી ઉઠે... સેવા, સત્‌કાર્યો અને દાનનાં સમર્પિત ભાવોએ આપણા સમાજ માટે સમર્પિત બનીને દાનની સરવાણી વહેવાવતા આપણા ઝાલાવાડી દાનવીર દાતાઓની દિલેરી એજ આપણા માટે **આપણું સમૃદ્ધ ઝાલાવાડ** સમાન છે.

શ્રી ઝાલાવાડી સ્થાનકવાસી જૈન સભા માસિક પત્રિકામાં **આપણું ઝાલાવાડ...સમૃદ્ધ ઝાલાવાડ** આ સ્લોગન કવર પેઈજ ઉપર હમેંશા ચમકતું રહે છે. આ જ સ્લોગનની યથાર્થતાની એક આછેરી ઝલક એટલે તારીખ ૧૦ મી ઓગષ્ટ ૨૦૨૪ શનીવારનાં સાંજનાં ૬:૦૦ કલાકે માણેક બેન્કવેટ, શ્રી માનવ સેવા સંઘ, સાયન ખાતે યોજાયેલ કાર્યક્રમની અદ્‌ભુત સફળતા છે. આ ફંકશનમાં આપણું ઝાલાવાડનાં આપણા પણાનો સમભાવ હતો, તો દિલેર દાતાઓની દિલેરીનો સમૃદ્ધ ઝાલાવાડનો સાક્ષાત્કાર હતો. આ કાર્યક્રમમાં સૌની સાથે મળીને ભેગા થવાનો **આપણું ઝાલાવાડ**નો આનંદ હતો. તો સત્કાર્યો - સારી પ્રવૃતિઓ, દાતાશ્રીઓની દિલેરી સમા **સમૃદ્ધ ઝાલાવાડ**ને સન્માનીત કરવાનો સોનેરી અવસર હતો.

શ્રી ઝાલાવાડી સ્થાનકવાસી જૈન સભા અને ઝાલાવાડી સભા ચેરીટેબલ ફાઉન્ડેશન આયોજીત ૧૦ મી ઓગષ્ટનાં આ કાર્યક્રમમાં સૌને વેલ કમ કરતો શણગારથી શોભતો આવકાર ગેટ તેમજ ડિજીટલ લાઈટીંગ, વિશાળ સક્રીન અને સુંદર સજાવટથી શોભતો ભવ્ય હોલ અને સ્ટેજ. પ્રસન્નતા પૂર્વક પધારતા સૌને હોદ્દેદારો પદાધિકારીઓ, આવકાર ટીમ તરફથી સસ્નેહ આવકાર આપવામાં આવી રહયો હતો. આયોજકો વ્યવસ્થાપકો તરફથી આખરી તૈયારી રૂપે કાર્ય વ્યવસ્થાને આખરી ઓપ આપવામાં આવી રહયો હતો. ચૌવિહારની વ્યવસ્થા સાથે નીચેનાં હોલમાં સૌને માટે રાઉન્ડ ધ ટેબલ સુંદર બેઠક વ્યવસ્થા સાથે ભોજન માટેની સરસ વ્યવસ્થા રાખવામાં આવેલ હતી.

શ્રી ઝાલાવાડી સ્થાનકવાસી જૈન સભા - મુંબઈ અને ઝાલાવાડી સભા ચેરીટેબલ ફાઉન્ડેશન મુંબઈ વતી **શ્રીમતી હિનાબેન પારેખે** સૌનું સ્વાગત વેલ કમ સ્પીચ સાથે કરેલ. કાર્યક્રમ શુભારંભ શ્રી નવકાર મહામંત્રનાં પઠનથી કરવામાં આવેલ. ધર્મ અને રાષ્ટ્રની મહત્તા અને સર્વોપરિતાની વાત જણાવતા **શ્રીમતી હિનાબેને** રાષ્ટ્રગીત માટે, રાષ્ટ્ર સન્માન માટે સૌને વિનંતી કરેલ. સમાજ, સંસ્થાઓની ઉત્તરોત્તર પ્રગતિ માટે દાતાઓનાં વિશ્વાસ, સહયોગ ભર્યા સંબંધોને મુલવતા અત્રે ઉપસ્થિત દાતાશ્રીઓનું સ્વાગત કરવા ઝાલાવાડી સભાનાં **ટ્રસ્ટી-પ્રમુખ શ્રી પ્રવિણભાઈ શાહ**ને વિનંતી કરવામાં આવેલ.

**ટ્રસ્ટી-પ્રમુખ શ્રી પ્રવિણભાઈ શાહે** ઝાલાવાડી સભાનાં ૪૨ વર્ષ પહેલાની વાત કરતા શ્રી ચીમનભાઈ ચકુભાઈ શાહ, શ્રી પ્રેમચંદભાઇ ઉજમશીભાઈ (ચુડાવાળા), શ્રી નંદલાલ તારાચંદ વોરા, શ્રી જવાહરભાઈ વાડીલાલ વોરા, શ્રી મહેન્દ્રભાઈ તલસાણીયા,

શ્રી બિપીનભાઈ સંઘવીને યાદ કરતા જણાવેલ કે ૪૦ વર્ષથી સભાની ધુરા સંભાળતું આખુ એક જનરેશન બદલાય ગયું. નવી ટીમ આવી. ત્યારે ઝાલાવાડી સભા પાસે એક લોનાવાલાનું સેનેટોરીયમ હતુ. બીજું કાંઈ જ ન હોતુ. નવી આવેલી ટીમે નાલાસોપારામાં બે વસાહત કરી, નાલાસોપારામાં અદ્‌ભુત જૈન ભવન બાધ્યું. તેમજ લોનાવાલા સેનેટોરીયમનું નુતનીકરણ કરેલ. પંચગીનીમાં, દેવલાલીમાં, માથેરાનમાં અને સુરેન્દ્રનગરમાં સેનેટોરીયમ બનાવ્યા. આમ ઝાલાવાડી સભાની ચાલતી પ્રવૃતિઓમાં જબરજસ્ત ઉછાળ આવ્યો. આ જબરજસ્ત છલાંગમાં સમાજનાં દાતાઓએ પોતાની લક્ષ્મીને સારા કાર્યમાં આપીને મહાલક્ષ્મી બનાવતા સમાજનાં કાર્યો સારી રીતે સંપન્ન થયા છે. દાતાઓએ  એ સમયે વાવેલ દાન રૂપી સંપતિની કિંમત આજે અનેકગણી કરોડોમાં છે. આના હકદાર - માલીકો આપ સૌ દાતાશ્રીઓ છો તેમ કહી શકાય. આપ સૌ દાતાઓએ ઝાલાવાડી સભાનાં વિકાસ યજ્ઞમાં ઘી પુર્યુ છે. ઝાલાવાડી સભામાં લગભગ ૬૦૦૦ સભ્યો છે. તેમાંથી લગભગ ૧૭૫ કુટુંબો જ ડોનેશન આપે છે. દાન લેવાવાળા લગભગ ૧૫૦ લાભાર્થી કુટુંબો જ છે. કોઈને તકલીફ ન પડે તેમ આ બન્નેનું ઝાલાવાડી સભા સંકલન કરે છે. આ દાતાઓ નસીબદાર છે કે તેઓને દાન કરવાની પ્રેરણા મળી છે. વર્તમાનની વાત કરતા પ્રમુખશ્રીએ જણાવેલ કે અમારા હવે ૪૦ વર્ષ પુરા થવા આવ્યા છે. અને નવું જનરેશન આવશે. તેઓને પણ, અમોને આપેલ છે તેવા સાથ સહકાર આપવાનું ચાલુ રાખીને, સાથ સહકાર આપતા રહેશો. ઉપરોકત સમાજની જાણકારી સાથેની ખૂબ જ માર્મિક વાતો તેઓએ સહજભાવે ઉમદાભાવે વ્યક્ત કરેલ.

દિલેર દાતાશ્રીઓનાં દાનની ઉદારતાને સન્માનીત કરવા રૂપે દાતાશ્રીઓનું અભિવાદન, સન્માન કરવા આજે કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. **પ્રમુખ શ્રી પ્રવિણભાઈ શાહે** આ પ્રસંગનાં **ઉત્સવ મૂર્તિ, સન્માન અતિથી શ્રી મહેન્દ્રભાઈ તુરખીયા** ઝાલાવાડી સભામાં ડોલર બિર્લેનીયરમાં માત્ર એક જ છે તેમ જણાવેલ. ઝાલાવાડી સભાની મેડિકલેઈમ પોલીસી સ્કીમમાં **શ્રી મહેન્દ્રભાઈ તુરખીયાએ** રૂપિયા એક કરોડનું ડોનેશન આપેલ છે. તેમાંથી આપણા સમાજનાં લગભગ ૨૫૦ પરિવારોનું મેડિકલેઈમ પોલીસી પ્રિમિયમ ભરવામાં આવે છે. આ પ્રસંગનાં બીજા **ઉત્સવ મૂર્તિ ડો. શ્રી વિનોદભાઈ શેઠ** છે. જેઓ ખુબ જ તકલીફમાં ભણ્યા છે. આજે તેઓનાં પરિવારમાં લગભગ ૨૦ ડોકટર છે. અને એકે એક જણ સમાજની સેવા કરે છે. ઝાલાવાડી સભાનાં દરેક કાર્યોમાં તેઓનું યોગદાન હોય છે. આ પ્રસંગનાં ત્રીજા **ઉત્સવ મૂર્તિ દુબઈનાં શ્રી રમેશભાઈ વોરા** છે. જેઓનું દુબઈમાં સોનાનું કામ છે. સરળ સ્વભાવી વ્યક્તિત્વ રહયું છે. પ્રેમથી દાન ધર્મ કરે છે. સમાજમાં તેઓનું સારામાં સારૂ નામ રહયું છે. આ પ્રસંગનાં ચોથા **ઉત્સવ મૂર્તિ શ્રીમતી સંધ્યાબેન શાહ** છે. ઝાલાવાડી સભાની પત્રિકાનાં તંત્રી તરીકેનું સુકાન તેઓએ છેલ્લા ૨૫ વર્ષથી નીડર પણે ખુબ સુંદર રીતે સંભાળ્યું છે. હવે તેઓ નિવૃત થયા છે. તેઓની આ સેવાઓ રૂપી કાર્યો માટે તેમનું સન્માન કરવાનું છે.

શ્રી ઝાલાવાડી સ્થાનકવાસી જૈન સભાની કાલબાદેવી સ્થિત બે વ્યુ બિલ્ડીંગ ત્રીજા માળે આવેલી ઝાલાવાડી સભાની નવી ઓફીસ ખૂબજ સરસ બની ગઈ છે. આ ઓફિસ માટે માનવંતા દાતા **શ્રીમતી પ્રિયાબેન મહેન્દ્રભાઈ તુરખીયાએ રૂપિયા એક કરોડનું માતબર રકમનું** અનુદાન આપેલ છે. **શ્રી પંકજભાઇ સંઘવી**એ જણાવેલ કે આ પરિવારનું નામ એટલે તે ફકત દાતા જ નહિ પરંતુ દાતાઓના મહાન નેતા કહી શકીએ તેવું એક મોટું નામ છે. **શ્રી મહેન્દ્રભાઈ તુરખીયા**નો વિશ્વાસ હંમેશા એજયુકેશન માટે રહેલો છે. અત્રે પ્રમુખ શ્રી પ્રવિણભાઈ શાહ, ટ્રસ્ટીઓ સર્વ મહાનુભાવોની ઉપસ્થિતમાં **શ્રીમતી પ્રિયાબેન મહેન્દ્રભાઈ તુરખીયા** ઓફીસ નામકરણથી **શ્રીમતી પ્રિયાબેન તુરખીયા**નાં વરદ્ હસ્તે આ ઓફીસનું વર્ચ્યુઅલ ઉદ્‌ઘાટન તાળીઓનાં ગડગડાટ સાથે કરવામાં આવેલ.

**શ્રી મહેન્દ્રભાઈ તુરખીયા** સમાજ શ્રેષ્ઠી, ઉમદા દાનવીર રહયાં છે. શ્રીમતી પ્રિયાબેન બૃહદ મહિલા મંડળ માટે એકટીવ રહયાં છે. મહિલા મંડળ માટે તેઓનું યોગદાન હમેંશા વિશેષ રહયું છે. મહેંકતું વિશેષ વ્યક્તિત્વ ધરાવતા **શ્રી મહેન્દ્રભાઈ તુરખીયા**નું બહુમાન પ્રમુખ શ્રી પ્રવિણભાઈ શાહ તથા ટ્રસ્ટી શ્રી મહેશભાઈ વોરાનાં હસ્તે કરવામાં આવેલ. **શ્રી મહેન્દ્રભાઈ તુરખીયાએ** પોતાની અભિવ્યક્તિ આપતા જણાવેલ કે મે જે કર્યુ છે તે કંઈ જ નથી. ઝાલાવાડી સભા ૪૦ વર્ષથી ઘણું બધું કામ કરી રહી છે. તેની સામે મારૂં યોગદાન નજીવું છે. આપણા ઝાલાવાડી જૈનો માટે ઝાલાવાડી સભાની સ્કુલ કે કોલેજ હોય તેવી ઈચ્છા વ્યક્ત કરતા તેના માટે પ્રયત્નો કરવાના છે.

સમાજમાં વિશિષ્ટ વ્યક્તિત્વની આગવી ઓળખ સમા અતુટ આત્મવિશ્વાસી અને મજબુત મનોબળ ધરાવતા આદરણીય **ડો. શ્રી વિનોદભાઈ વ્રજલાલ શેઠ**ને તેઓનાં સત્કાર્યો, સમાજ સેવાને બિરદાવતા તેમને શ્રી કિરીટભાઈ શેઠ અને શ્રી મહેશભાઈ વોરાનાં હસ્તે **ઝાલાવાડ રત્ન એવોર્ડ**થી સન્માનીત કરી તેઓનું ઉત્કૃષ્ટ બહુમાન કરવામાં આવેલ. ડો. શ્રી વિનોદભાઈએ ખૂબ જ ભાવુક અને નિખાલસતા સાથે પોતાની અભિવ્યક્તિ આપતા જણાવેલ કે બહુમાનને લાયક હું છુ કે નહિ મને ખબર નથી. આ બહુમાન માટે આપ સૌનો હું આભાર માનું છે. આ શુભ પ્રસંગે ફુલ નહિ તો ફુલની પાંખડી રૂપે ઝાલાવાડી સભાને શૈક્ષણિક ઉત્કર્ષ યોજનામાં રૂપિયા ૧૧ લાખનું અનુદાન આપેલ.

છેલ્લા ૪૦ વર્ષમાં ઝાલાવાડનાં ઘણા સભ્યો ગ્લોબલી ખૂબ આગળ વધ્યા છે તેની જાણકારી આપણા સમાજને થાય. આથી આવા ગ્લોબલ બિઝનેસ મેન આદરણીય **શ્રી રમેશભાઈ ભોગીલાલ વોરાને ઝાલાવાડ ગ્લોબલ રત્ન** એવોર્ડ **શ્રી ગુણવંતભાઈ દિપચંદ શાહનાં** હસ્તે અર્પણ કરી ઉત્કૃષ્ટ બહુમાન કરવામાં આવેલ. સરળ અને સૌમ્ય **શ્રી રમેશભાઈ**એ આ એવોર્ડ સંચાલન માટે ખૂબ ખૂબ આભાર વ્યક્ત કરતા જણાવેલ કે હું હમેંશા આપનો ઋણી રહીશ. થોડી ઘણી સેવા કરીએ છીએ. પણ મારા ફાધર પાસે પૈસા હતા નહિ ને સેવા કરતા હતા. સંસ્થામાં સમાજ માટે જેઓ સેવા કરે છે તેઓનો ખૂબ આભાર. ભવિષ્યમાં ફિજીકલી સેવા કરી શકવા આશા રાખું છું. આ પ્રસંગે **ઝાલાવાડી સભા ચેરીટેબલ ફાઉન્ડેશન**માં **શ્રી રમેશભાઈ વોરાને ટ્રસ્ટી** તરીકે નિમણૂંક કરવામાં આવેલ. રજુઆત ટ્રસ્ટી/ઉપ-પ્રમુખ શ્રી પંકજભાઈ સંઘવીએ કરેલ.

છેલ્લા ૨૫ વર્ષથી ઝાલાવાડી સભાની પત્રિકાનાં માધ્યમથી અવિરત પણે સેવાઓ આપેલ છે. મા સરસ્વતીની જેમના ઉપર કૃપા રહેલી છે એવા સ્વયંસ્વરૂપા પ્રતિભા સંપન્ન **શ્રીમતી સંધ્યાબેન શાહ**ને તેઓની ઉમદા સેવાઓ માટે **પ્રમુખ શ્રી પ્રવિણભાઈ શાહ**નાં વરદ્ હસ્તે સન્માન પત્ર અર્પણ કરી ઉત્કૃષ્ટ બહુમાન કરવામાં આવેલ. પોતાની અભિવ્યક્તિ આપતા **શ્રીમતી સંધ્યાબેને** જણાવેલ કે આપ સૌ મારા અતિ આત્મીય અને પ્રિયજનો રહયાં છો. આ ઝાલાવાડ, આખી કમીટી સૌએ ખૂબ જ પ્રેમ આપ્યો છે. સહકાર આપેલ છે. મારૂં કાંઈ સન્માન કરવાની જરૂર ન હોતી. હું તમારી સાથે જ છું. આજે નિશબ્દ છું. તમારા સ્નેહથી સભર છું.

ઝાલાવાડી સભાનું એક પ્રગતિ ભર્યું પગલું એટલે zalawadi.com વેબસાઈટ બનાવવામાં આવી છે. આ વેબસાઈટમાં ઝાલાવાડી સભાની બધી જ માહિતી મળી જાય છે. ડિજીટલ યુગમાં ઝાલાવાડને લઈ જવાનું શ્રેય ઝાલાવાડી સભાનાં **પ્રથમ મહિલા ટ્રસ્ટી** તરીકેનું માન મેળવનાર **શ્રીમતી મનિષાબેન શાહ**ને જાય છે. **શ્રીમતી મનિષાબેન** સમાજને માટે એક નવા નઝરાણા રૂપે ડિજીટલ વસ્તી પત્રક લઈને આવ્યા છે. **શ્રી પંકજભાઈ સંઘવીએ ડિજીટલ વસ્તી પત્રક**ની જરૂરીયાત અને મહત્તા સમજાવી હતી. શ્રીમતી મનિષાબેને ડિજીટલ પ્રેઝેન્ટેશન સાથે આ ડિજીટલ વસ્તી પત્રકનો ચિતાર આપી સરળ રીતે સમજાવેલ. આ ડિજીટલ વસ્તી પત્રકને રૂપિયા ૧૫ લાખ આપી પોતાનું નામ આપવાની અપીલ કરેલ, જેનું સફળ સંચાલન ટ્રસ્ટી શ્રી પંકજભાઈ સંઘવી એ પોતાની આગવી શૈલીમાં કરેલ. તરત જ સુંદર પ્રતિસાદ આપતા **શ્રી વિનોદભાઈ તુલસીદાસ ગોપાણી**એ રૂપિયા ૧૫ લાખનું અનુદાન આપી ઉમદા લાભ લીધેલ હતો. આ પરિવારનું ઉત્કૃષ્ટ બહુમાન કરવામાં આવેલ.

છેલ્લા બે વર્ષમાં જે જે ડોનરોએ ઝાલાવાડી સભાને અનુદાન આપેલ તે સર્વોનું બહુમાન કરવામાં આવેલ. ડોનરોએ ઝાલાવાડી સભાને લોનાવાલા પ્રકલ્પમાં, એજયુકેશનમાં, પંચગીનીમાં જ્યાં જ્યાં પ્રકલ્પોમાં જેણે ડોનેશનો આપ્યા છે, તે દરેક અનુદાન આપનાર સભ્યોનું ઉમદા બહુમાન કરવામાં આવેલ.

આ સમગ્ર કાર્યક્રમનું સુંદર અને સફળ સ્ટેજ સંચાલન કરનાર ઉદ્‌ઘોષક સંચાલિકા **શ્રીમતી હિનાબેન પારેખ**નાં ઋણ સ્વીકાર રૂપે **શ્રીમતી મનિષાબેને** તેઓનું ઉમદા બહુમાન કરી સન્માન કરેલ. અંતમાં સભાના **માનદ્ મંત્રીશ્રી શ્રી અતુલભાઈ શાહે** આભારવિધી કરેલ.

કાર્યક્રમનાં સમાપનમાં સૌએ સાથે ભોજન માણી આ કાર્યક્રમની પળોને વાગોળતા સૌ છૂટા પડેલ.

**સંકલન : ઉપેન્દ્ર શાહ**

# ક્રોધની વિનાશકતા

પારૂલ ભરતભાઈ ગાંધી

એક રાજા હતો. આમ તો ન્યાયી, દયાળુ અને પ્રજાપ્રેમી હતો, પરંતુ તેનામાં એક એવો દુર્ગુમ હતો, જે તેના બધા ગુણોને ઢાંકી દેતો હતો. તે ખૂબ જ ક્રોધી હતો. સાવ નજીવી બાબતમાં પણ તે ખુબ જ ક્રોધિત થઈ જતો. એક વખતની વાત છે. રાજા જમવા બેઠો હતો. રસોઈયો તેને પીરસવા માટે આવ્યો. તે જ્યા શાક પીરસવા જતો હતો ત્યાં તેનાથી શાકનો એક છાંટો રાજાએ પહેરેલ કપડા પર ઊડી ગયો. રસોઈયો તો ડરનો માર્યો થરથર કાંપવા લાગ્યો, કારણ કે તેને ખબર હતી કે નાની નજીવી બાબતની પણ રાજા આકરી સજા દે છે. આ મારાથી જે ભુલ થઈ તેને માટે પણ તે તો મને મૃત્યુદંડની જ સજા કરશે. એકાએક તેના મગજમાં કાંઈક વિચાર આવ્યો. તેણે આખો શાકનો વાટકો રાજાના પહેરણ પર ઊંધો વાળી દીધો.

રાજા હજુ તો પેલા ટીપાથી કપડા બગડ્યા તે વિચારતો હતો ત્યાં વાટકો આખો ઊંધો વાળ્યો તેથી ક્રોધિત બની ગયો. રસોઈયાને કહે, ''અરે નાલાયક! આ તે શું કર્યું ?!''

રસોઈયો કહે, ''મહારાજ! મેં તો આપનું ગૌરવ વધાર્યું છે!''

રાજા કરે ''એટલે, તું કહેવા શું માગે છે ?''

જવાબમાં રસોઈયો કહે, ''મહારાજ! માત્ર એક છાંટો ઊડ્યો, આપના કપડા બગડયા અને આપ ક્રોધિત થઈને મને ફાંસીની સજા ફટકારત તો દુનિયા આખી આપના અવગુણ ગાત, આપની આબરૂનું ધોવાણ થાત કે આવી નજીવી ભુલની સજા આવડી મોટી ? એવું કાંઈ ન થાય એટલે મેં જાતે આખો વાટકો લઈને ઊંધો વાળી દીધો... હવે લોકો એમ બોલશે કે, ''રાજાએ કર્યું એ બરાબર જ કર્યું છે, એક રસોઈયો ઊઠીને રાજાની સામો થાય... આવડી મોટી ભુલની સજા ફાંસી જ હોય ને ? આવાને કાંઈ એમને એમ છોડાય ખરો ?''



રાજા સમજી ગયો. તેજીને ટકોર એ ન્યાયે ગુસ્સો કરવાનું જ છોડી દીધું.

આશ્ચર્ય એ વાતનું થાય છે કે આગના તણખાથી પણ દૂર ભાગનારો માનવી આ ક્રોધના દાવાનળ સાથે દોસ્તી કઈ રીતે બાંધી શકે છે ? દિવાસળી બુઝાયા પછી જ આગ ઘાસમાં પ્રસરે છે તેવી જ રીતે ક્રોધ ગયા પછી, આવેશ ઊતર્યા પછી જ ક્રોધે સર્જેલા હાહાકારની ખબર પડે છે, પરંતુ એ વખતે ''ઘોડા છૂટી ગયા પછી તબેલાને તાળા મારવા જેવો ઘાટ સર્જાય છે'' જે નુકશાન થવાનું હતું તે થઈ જાય છે, પછી ડહાપણ આવે એનું શું કામ ? વળી ક્રોધ આવે છે પછી એ એમને એમ ક્યારેય રવાના થતો નથી.

ક્રોધ હંમેશા પોતાની પાછળ વેદના, વિલાપ અને વેરની ત્રિપુટીને મુકતો જાય છે. એટલું જ નહિ ક્રોધ વિનય, વિવેક, સૌમ્યતા, નમ્રતા અને મીઠાશ એ બધા સદ્‌ગુણોને પણ પ્રવેશવા દેતો નથી. ક્રોધ એ કોલસા જેવો છે, ઠંડો હાથમાં લો તો હાથ કાળા કરે અને બળતો હાથમાં લો તો દઝાડે. વિનય વિવેક એ તો માનવીના જીવન માટે વસ્ત્ર સમાન છે. જેવી રીતે શરીર પર અલંકાર ન હોય તો ચાલે પણ વસ્ત્ર ન હોય તો ? કદી પણ ન ચાલે. રસ્તા પર વસ્ત્ર વિનાનો કોઈ માનવ ફરી રહ્યો હોય તેની સ્થિતિ કેવી થાય ? વિવેક વિનય વિનાના માણસની સ્થિતિ પણ એવી જ થાય છે. ક્રોધી ક્યારે શું કરી બેસશે એ કહેવાય નહિ. પરંતુ એ તો હકીકત છે કે ક્રોધી કરે એ ક્યારેય સારું હોઈ જ ન શકે. કોઈપણ ક્રિયા સામે એની પ્રતિક્રિયા પણ તેવી જ કરો જેમ કે કોઈ તેને ગાળ આપશે, તો તે પણ તેને ગાળ જ આપશે. કોઈ તેને મારશે તો સામે તે પણ હાથ જ ઉગામશે.

સામનો કરવાની વૃત્તિ, તૂટી પડવાની પ્રવૃત્તિ, પછાડી દેવાની ગણતરી આ બધું જ જ્યારે શરીરમાં શક્તિ હોય ત્યારે સારું લાગતું હશે, પણ અશક્તિના કાળમાં તો બધુ બમણું થઈને પાછું આવે છે. કરેલો ક્રોધ ચક્રવૃદ્ધિ વ્યાજ સાથે પાછો મળે છે ત્યારે બોર બોર જેવડા આંસુઓ પાડો તો પણ નકામા છે, કારણ વાવેલું જ ઊગે છે. વાવ્યો હોય બાવળ ને આશા કેરી મેળવવાની રાખીએ તો એમાં નિરાશા જ મળવાની છે. ક્રોધ આ લોક તો બગાડે છે પણ પરલોકેય બગાડે છે માટે તેનાથી દૂર રહેવું જ સારું.

❖❖❖

# મહાવીરધર્મના કણ-કણમાં માનવતાનું અમૃત છલકાઈ રહ્યું છે



ગુણવંત બરવાળિયા

કોઈ પણ મહાન આધ્યાત્મિક પુરુષના જીવન અને તેમના દ્વારા પ્રરૂપેલા ધર્મમાર્ગ પ્રત્યે વિચાર કે ચિંતન કરીએ ત્યારે એ ધર્મપુરુષની પ્રતિભા દ્વારા ઉપસતી પ્રતિમા, આપણા માટે આરાધ્યદેવ કે ભગવાનરૂપે પ્રસ્થાપિત થઈ જશે. જ્યારે કોઈ પણ વ્યક્તિને આપણે ઐશ્વર્યના દૃષ્ટિકોણથી જોઈએ ત્યારે તે આપણા માટે ઈશ્વર બની જાય છે અને એ ધર્મપુરુષના જીવન અને દેશનાના, અન્ય પાસાની આપણે ઉપેક્ષા કરી અને તેનું માત્ર એકાંગી દર્શન કરીએ છીએ. આ એકાંગી દર્શન આપણને સંકીર્ણતાના એક ચોકઠામાં બંધ કરી દે છે. આપણા માટે એક દ્વાર ખુલ્લું રહે છે, અન્ય દ્વારો અને તમામ વાતાયનો બંધ થઈ જાય છે, જે સંપૂર્ણ દર્શન માટે બાધક બની જાય છે.

ભગવાન મહાવીર વિશે જ્યારે વિચાર કરીએ ત્યારે ક્યારેક એમ લાગે છે કે, આપણે એમને માત્ર એક ધર્મપુરુષ કે આરાધ્ય દેવરૂપે સ્વીકારી સંતોષ માની લીધો છે. આપણે એમના જીવન કવનના સર્વાંગીપણાને પૂર્ણ રૂપે પામવાનો પુરુષાર્થ કર્યો જ નથી. એ અધુરપના અજંપા સાથે આપણે ક્યાં સુધી ચાલ્યા કરીશું ? ભગવાન મહાવીરના જીવન અને દેશનાના સમાજગત પાસા ઉપર નજર નાખીશું તો સંસાર પ્રત્યે નરી ઉદાસીનતા, આધ્યાત્મિક બાબતો સિવાય નરી નિક્રિયતાની સાથે સામાજિક ઉત્થાન અને વિશ્વના તમામ જીવો પ્રત્યે કરુણાભાવ પ્રેરિત પ્રછન્ન સક્રિયતાનાં દર્શન થયા વિના રહેશે નહીં.

મહાવરે પ્રરૂપેલો ધર્મ આત્મલક્ષી હોવાથી તેમણે જીવન અને ઉપદેશ દ્વારા અહિંસાને પામવા માટે, વીતરાગી બનવા માટે સાધના કરવાની વાત કરી, પરંતુ અહીં અટકી જવાની વાત નથી કહી. નિવૃત્તિમાં પ્રવૃત્તિની અદ્ભુત વાત કરી છે. વ્યક્તિગત સ્વાર્થનો ત્યાગ, મર્યાદાહીન વ્યક્તિગત ભોગ-ઉપભોગનો ત્યાગ, વ્યક્તિગત સુખ માટેની પ્રવૃત્તિ પર અંકુશ પરંતુ સમષ્ટિના કલ્યાણની પ્રવૃત્તિનો નિરંકુશ વિસ્તાર એ જ સાચી નિવૃત્તિ છે.

ભગવાન મહાવીરે પ્રરૂપેલા સિદ્ધાંતો કે તત્ત્વજ્ઞાન રોજબરોજના જીવનમાં અપનાવીએ તો માનવીના વ્યક્તિગત જીવન, સમાજગત જીવન કે રાષ્ટ્રઉત્થાન માટે કલ્યાણકારી છે.

જીવમાત્રના અસ્તિત્વનો સ્વીકાર 'જીવો અને જીવવા દો' ના સિદ્ધાંતે જીવોને સલામતી અને શાંતિ બક્ષે છે માંસાહારનો નિષેધ કરી અન્નાહાર અને શાકાહારની પ્રેરણા માનવીને તેમનું આરોગ્ય અને મનની નિર્મળતા પ્રતિ લઈ જાય છે, જે રાષ્ટ્રીય સંપત્તિનો દુર્વ્યય અટકાવે છે, પર્યાવરણ સંતુલનપોષક છે.

અપરિગ્રહના સિદ્ધાંતના સ્વીકારમાં વધારાની સંપત્તિનું વિસર્જન કરવાના ભાવ, દાન દેવાની પ્રેરણા કરે છે, જે અન્ય પ્રતિ અનુકંપ, દયા અને કરુણાનું ઉદ્ભવસ્થાન બને છે. જે સમાજવાદના આદર્શને ચરિતાર્થ કરવામાં સહાયક બને છે. અપરિગ્રહના આચરણથી સામાજિક ઈર્ષા અટકે અને અસલામતીની ભાવનામાંથી મુક્તિ મળે છે.

'વ્યક્તિ પોતાની દૃષ્ટિ છોડી બીજાની દૃષ્ટિથી જુએ તો અડધું જગત શાંત થઈ જાય' એ ઉક્તિ ભગવાનના અનેકાંતવાદ દ્વારા સમજીશું તો કેટલીય સમસ્યાઓનું નિવારણ થશે. અહીં કોઈ એક ઘટના, વચન કે વિચારને દરેક બાજુથી તપાસવાની વાત છે. અન્યના મતને સ્વીકારવાની કે ગણતરીમાં લેવાની વાત છે. કુટુંબમાં પિતા-પુત્ર, સાસુ-વહુ, ધંધામાં શેઠ-નોકર, પ્રજા-નેતા, સમાજ-રાજ્ય અને રાષ્ટ્રમાં સંવાદિત સ્થપાશે. અનેકાંતમાં બૌદ્ધિક કે વૈચારિક અહિંસા અભિપ્રેત છે.

ભગવાન મહાવીરના ચિંતનમાં સામાજિક ભાવનાના ઉચ્ચતમ આદર્શના દર્શન થાય છે. અહીં વ્યક્તિને માત્ર વ્યક્તિના રૂપમાં નહીં પરંતુ સમષ્ટિના રૂપમાં જોવામાં આવી છે. સમાજના હૃદય સાથે વ્યક્તિનું હૃદય જોડાયેલું છે. વ્યક્તિના સંકલ્પનું પ્રતિબિંબ સામાજિક પ્રતિબિંબ સાથે સંકળાયેલું છે. વ્યક્તિને સમાજના એક અવિભાજ્ય અંગ રૂપે સ્વીકાર્યું છે. આ જ કારણે જૈનશાસનના ચતુર્વિધ સંઘમાં સાધર્મિક ભક્તિની ભાવનાનો વિકાસ થયો છે.

ભગવાન મહાવીરના જીવનના કેટલાક પ્રસંગોએ સમાજના આદર્શોને પ્રતિષ્ઠા આપી છે.

એ સમયે જ્યારે યજ્ઞો દ્વારા થતાં બલીદાનોમાં હિંસા ચરમસીમાએ પહોંચી હતી ત્યારે અહિંસાનો ઝંડો ફરકવ્યો. બ્રાહ્મણ કુળના ગૌતમ આદિ વિદ્વાનોને શિષ્ય બનાવી ગણધરપદે સ્થાપી 'અહિંસો પરમો ધર્મ' રૂપમંત્ર જગતને આપ્યો.

એ સમયે શુદ્રો અસ્પૃશ્ય ગણાતી વ્યક્તિઓને યોગ્ય સ્થાન આપી, પ્રભુએ બતાવ્યું કે, અધિકાર સહુનો સરખો છે. તેમણે પોતાના સંઘમાં શૂદ્ર જાતિના લોકોમાંથી મેતાર્યમુનિ અને મુનિહરિકેશીને દીક્ષિત કર્યા અને નારીને દીક્ષા આપી સહુના સમાન અધિકાર સ્થાપિત કર્યા.

પ્રભુ કૌશામ્બી નગરીમાં પધાર્યા છે. આહાર (ગૌચરી) લેવા માટે અભિગ્રહ ધારણે કર્યો છે. દાસી બનેલી રાજપુત્રી યાતના વેઠી રહી હોય, યાતનાના ચિહ્નરૂપે હાથ-પગે બેડી, માથું મુંડાવેલ હોય, ભોંયરામાં બંધ ત્રણ દિવસની ભૂખી, સૂપડામાં અડદના બાકુળા, આંખમાં આંસુ આદિ તેર બોલનો પ્રભુને અભિગહ છે.

ભગવાને કોઇ રાજરાણી કે શ્રેષ્ઠી પુત્રીના હાથે આહાર લેવાનો અભિગ્રહ કેમ ન કર્યો? આવી તિરસ્કૃત વ્યક્તિના હાથે આહાર લેવાના અભિગ્રહ પાછળ ભગવાન કરુણાબુદ્ધિ હતી.

આ સમયમાં દાસત્વ પ્રથા હતી. એ પ્રથા દ્વારા નર-નારીનું શોષણ અને અમાનવીય ક્રૂર વ્યવહાર ચાલતો હતો. ભગવાન મહાવીરના અંતરમાં દાસપ્રથા શલ્યની જેમ ખૂંચતા હતા માટે જ તેમણે આવો અભિગ્રહ કરેલો. મહિનાઓ સુધી ગૌચરી ન મળતા દીર્ઘ તપસ્વી બનતા જતા હતા.

રાજપુત્રી ચંદના પરિસ્થિતિવશ ધનાવહ શેઠને ત્યાં દાસી થઈને ખરીદાઈને આવી હતી. પાંચ માસ અને પચ્ચીસ દિવસના ઉપવાસી પ્રભુ ગૌચરી માટે ધનાવહ શેઠને આંગણે પધાર્યા. મકાનના પાછળના ભાગના ભોંયરાના દ્વાર પાસે જુવાન દાસી ચંદના, મુંડિત મસ્તકે, હાથ-પગે બેડી, હાથમાં સૂપડું લઈ બાકુળા વહોરાવવા કોઈ સંતની રાહ જોતી ઊભી હતી. પ્રભુએ એક દૃષ્ટિ દાસી પર નાખી. પાછા ફરવા પગ ઉપડ્યા. સંતને પાછા જતા જોઈ ચંદનાની આંખમાં આંસુ આવ્યાં. પ્રભુએ પાછું વળીને જોયું, ચંદનાની આંખમાં આંસુ જોયાં. પ્રભુના તેર બોલના અભિગ્રહ પૂર્ણ થતાં ગૌચરી વહોરાવી. ચંદનાને દીક્ષા આપી શિષ્યા બનાવી. સમગ્ર રાજ્યમાં દાસીપ્રથા દૂર કરવા રાજાને પ્રેરણા આપી.

ભગવાન મહાવીર વિહાર કરી મોરાક નામના ગામમાં પધાર્યા. તે ગામાં અછંદક નામે એક પાખંડી, મંત્ર-તંત્ર અને ચમત્કારો કરી ભોળા અજ્ઞાની અને અંધશ્રદ્ધાળુ લોકોને છેતરે. સંપત્તિ અને સંતાનની સંપન્નતા માટે વળગાડ અને વહેમને કારણે લોકો છેતરાય. ભગવાને જોયું કે અછંદક દિવસે સાધુ યોગી થઈ રાતે પાપ આચરે છે. કરૂણાવંત ભગવાનને થયું કે આમાં લોકો પણ ડૂબશે અને અચ્છદંક પણ ડૂબશે.

ભગવાને કોઈને મનની વાત કહી, કોઈના જીવનના રહસ્યમય વાત કરી બતાવી, ભૂતકાળ બતાવ્યો. લોકસંજ્ઞાની પ્રવાહ, ઢાળ જુએ ત્યાં દોડી જાય. પ્રભુને લોકો ચમત્કારી પુરુષ સમજવા લાગ્યા. અચ્છાંદકની પકડ ઢીલી પડી, ત્યારે લોકાને એકત્ર કરી ભગવાને કહ્યું કે, આ ચમત્કારો કે સુવર્ણ સિદ્ધિની આત્મસાધના આગળ કોઈ વિસાત નથી. લોકોની અંધશ્રદ્ધા દૂર કરી સમ્યશ્રદ્ધાની પ્રતિષ્ઠા કરી ભગવાન અન્યત્ર વિહાર કરી ગયા.

સમ્રાટ ચંડપ્રદ્યોતે કૌશામ્બી પર ચડાઈ કરી. કૌશામ્બીનો પરાજય થયો અને તેના સમ્રાટ શતાનીકનું મૃત્યુ નીપજ્યું. શતાનીકની પત્ની રાણી મૃગાવતીના રૂપ પર ચંડપ્રદ્યોત પાગલ બન્યો. ભગવાને કૌશામ્બીમાં પધારી ચંડપ્રદ્યોતને ધર્મદેશના સંભળાવી, મૃગાવતીને ચંડપ્રદ્યોતથી મુક્તિ અપાવી.

લડાઈ થઈ હોય તે સ્થળ રૂધિર અને માંસથી ખરડાયેલું હોય, પુણ્યભૂમિમાં ઉગ્રવિહાર કરી સાધુએ જવું કેટલું યોગ્ય? અહીં દોષ કે અશાતનાનો પ્રશ્ન નથી. અહીં ભગવાન મહાવીરની પ્રબુદ્ધ કરુણા સામાજિક ચેતનાના વિકાસનું પ્રેરક બળ બની સ્ત્રીના શીલનું રક્ષણ કરે છે.

સ્ત્રીના શીલના રક્ષણાર્થે પ્રભુ યુદ્ધભૂમિમાં જાય છે. એકવાર રાજા શ્રેણિકને તેની પત્ની ચેલણા પ્રતિ શંકા ઊભી થઈ. ત્રી જાતિ પ્રત્યેની નફરતને કારણે સમગ્ર અંત:પુર અને તમામ રાણીઓને આગ લગાવી ભસ્મીભૂત કરવાનો આદેશ આપ્યો. વહેમના વમળમાં ફસાયેલા સમ્રાટને ભગવાને સંબોધન કર્યુ. શ્રેણિક, મહારાજા ચેટકની સાતે પુત્રીઓ સતી સ્ત્રી છે. રાણી ચેલણા પવિત્ર છે. તારો વહેમ ભયંકર અનર્થને આમંત્રણ આપી રહ્યો છે.... ને સમ્રાટ શાંત થયા. સંત સંસારની બળબળતી બપોરના ચંદન જેવી શીતળતા આપે છે. મહાવીર ધર્મના કણ-કણમાં માનવતાનું અમૃત છલકાઈ રહ્યું છે.

આમ, ભગવાન મહાવીરના જીવનમાં સંસાર પ્રત્યેની નિષ્ક્રિય ઉદાસીનતા પાછળ લોકકલ્યાણ અને લોકમાંગલ્યની પ્રછન્ન સક્રિયાતાનાં દર્શન થાય છે.

❖❖❖

**શ્રી ઝાલાવાડી સ્થાનકવાસી જૈન સભા**
**ઝાલાવાડી સભા ચેરીટેબલ ફાઉન્ડેશન**

**વસ્તી પત્રક - 2025**

**પ્રેરક : શ્રીમતી કૈલાસબેન વિનોદભાઈ ગોપાણી અને શ્રી વિનોદભાઈ તુલસીદાસ ગોપાણી**

"ડિજિટલ ડિરેક્ટરી"નું ફોર્મ આપણી વેબસાઈટ (zalawadi.com) પર જઈને ભરવા વિનંતી. 31મી ઑક્ટોબર પહેલા ફોર્મ ભરનારને આકર્ષક ઈનામો સાથે લકી ડ્રોમાં સામેલ કરવામાં આવશે! ત્રણ નસીબદાર વિજેતાઓને નીચેના સ્થળોમાંથી એકમાં 4 દિવસનું રોકાણ (સવારના નાસ્તા સાથે) જીતવાની તક મળશે


બાકુ, અઝરબૈજાન


વિયેતનામ


દુબઈ


થાઈલેન્ડ


મલેશિયા


બાલી, ઇન્ડોનેશિયા

જો તમને કોઈ પ્રશ્ન હોય, તો નિઃસંકોચ સંપર્ક કરો. તમારા સેન્ટરના ડિજિટલ વોલન્ટિયર્સ તમને ફોર્મ ભરવામાં મદદ કરશે.

સંપર્ક: બીનાબેન સંઘવી : +91 97694 48284
નીરવભાઈ દોશી : +91 98208 23400 | પ્રિતુલભાઈ શાહ : +91 93231 80665


# પિતાની કુરબાની

**મા**-બાપે આપણને જન્મ આપ્યો છે એટલું જ નહિ પણ આપણા સંસ્કારોનું જતન પણ કર્યું છે. આપણા કુસંસ્કારોને કારણે જાતનું બલિદાન પણ આપતાં અચકાયાં નથી. જે નીચેની સત્ય ઘટનાથી ખ્યાલ આવી શકશે.

નવમી સદીમાં ગુજરાતની ગાદીએ યોગરાજ આવ્યા ચોમેર 'આદર્શ રાજા' તરીકે તેની ખ્યાતિ ફેલાઈ ગઈ. તે રાજાના ત્રણ પુત્રો હતા જેમાં યુવરાજ તરીકે યોગ્ય 'ક્ષેમરાજ' શોભી રહ્યો હતો.

ત્રણેય પુત્રોમાં સુસંસ્કારો સિંચવા મા બાપે પુષ્કળ પ્રયત્નો કરેલા પણ અફસોસ... તેમાં સફળતા ન મળી. બલ્કે દિનપ્રતિદિન ઉદ્ધત થતા ગયા.

એક દિવસ ક્ષેમરાજે કહ્યું, પિતાજી ! કેટલાક પરદેશી રાજાઓનાં વહાણો વંટોળને કારણે સપડાઈને ખોટા માર્ગે ચડી જવાથી પાટણના બારામાં લાંગર્યાં છે... વહાણમાં લાખોની મિલકત છે, તે વહામોને આપણે લૂંટી લઈએ તો ?

આ સાંભળતાં જ રાજવીએ કડક સૂચના આપી કે આનું પરિણામ સારું નહિ આવે છતાં તેને ગણકાર્યા વિના જ પોતાના નાના બે ભાઈઓને લઈને ક્ષેમરાજ ઊપડ્યો વહાણો લૂંટવા... પિતાજીને હમણાં નહિ ગમે પણ માલ જોશે એટલે ધન્યવાદ જરૂર આપશે. આપણી બહાદુરીની પ્રશંસા કરશે... આવી ગણતરીએ ત્રણે વહાણો ઉપર તૂટી પડ્યા. પરદેશીઓ ભાગી ગયા.

લાખોનો માલ લઈ હરખાતા હરખાતા પુત્રો પિતાજી પાસે આવી માલનો ખડકલો કર્યો. પરિણામ વિપરીત આવ્યું. 'નાલાયકો ! અશ્રુશાપિત દોલતથી મને રાજી રાખવા માંગો છો ? મર્દાનગી લૂંટવામાં નથી, લૂંટાઈ જવામાં છે. ખતમ કરવામાં નથી ખતમ થઈ જવામાં છે. કપૂતો... તમારા જેવા પાપી પુત્રોને પેદા કરી ભયંકર પાપ મેં કર્યું છે. હવે તેનું પ્રાયશ્ચિત પણ મારે જ કરવું પડશે.'

મંત્રીશ્વર ! આવતી કાલે ચિતા પ્રગટાવજો. હું સળગી જવા માગું છું...' આખી સભા સ્તબ્ધ થઈ ગઈ. ક્ષેમરાજ વગેરે ત્રણેય પુત્રોની સ્થિતિ કાપો તો લોહી ન નીકળે તેવી થઈ ગઈ.

બીજે દિવસે સાંજે બળતી ચિતામાં જાતને હોમી દીધી. સૌએ અશ્રુભીની આંખે શ્રદ્ધાંજલિ આપી. પરંતુ રાજવીનું એ બલિદાન એળે ન ગયું... ત્રણેય પુત્રોએ તે દિવસથી જીવન જીવવાની દિશા ફેરવી નાખી.

પુત્રને સન્માર્ગે લાવવા માટે બાપ કેટલી હદ સુધીનો ભોગ આપી શકે છે તે વિચારો. શરીરવિકાસ સાથે સુસંસ્કારોની માવજત - આ બંને ક્ષેત્રે માત-પિતાનું બલિદાન અજોડ છે.

સૌજન્ય : માતૃદેવો ભવ

# મહાન ગ્રંથનું પુનઃસર્જન

**કુમારપાળ દેસાઈ**

ધારા નગરીના કવિ ધનપાલ. એની વિદ્વત્તા એવી કે સહુ કોઈ એને 'કુર્ચાલ સરસ્વતી' કહે, કુર્ચાલ સરસ્વતીનો અર્થ એ કે દાઢી-મૂછવાળી વિદ્યાદેવી સરસ્વતી. કોઈ પુરુષમાં સરસ્વતી પ્રગટ થાય ત્યારે એને આવું બિરુદ આપવામાં આવે. કવિ ધનપાલ ભક્તિમાં ડૂબેલા રહે. એ ભક્તિમાંથી નવ રસથી ભરપૂર એવી આદિ તીર્થંકર શ્રી ઋષભદેવની ગદ્યકથા રચાઈ ગઈ. આ ગદ્યકથામાં કવિની કવિતા પ્રભુનાં ગુણગાન ગાતાં ખીલી ઊઠી.

એક વાર શિયાળાની રાત્રે કવિએ એમની ભાવભરી વાણીમાં રાજા ભોજને લાલિત્યથી ઓપતી આ કૃતિ સંભળાવી, ત્યારે રાજાએ કહ્યું કે, આમાં એ પરિવર્તન કરીને એમના ધર્મની અને એમની પ્રશંસાના શબ્દો મૂકે તો કવિ જે માગશે તે આપશે. કવિરાજ ધનપાલે રાજા ભોજને કહ્યું, ''આવું પરિવર્તન કરવું તે તો મારા હૃદયની ભાવધારાનો દ્રોહ કરવા સમાન ગણાય, માટે મને ક્ષમા કરજો.''

કવિના સ્પષ્ટ વચને રાજા ભોજમાં ક્રોધનો દાવાનળ જગાડ્યો. એ ગદ્ય-કથાનું પુસ્તક રાજાએ બાજુમાં પડેલી સગડીમાં મૂકીને સળગાવી દીધું. એ પછી કવિ અને રાજા વચ્ચે ઘણી બોલાચાલી થઈ. ભારે હૈયે કવિ ધનપાલ ઘેર આવ્યા. એમની આંખોમાં દુઃખ હતું. ચહેરા પર વ્યથા હતી. હૃદયમાં અજંપો હતો. એમની પુત્રી તિલકમંજરી પિતાની ગમગીની પારખી ગઈ. એણે પિતાને આવી ઉદાસીનતાનું કારણ પૂછ્યું.

તિલકમંજરી કવિ ધનપાલની વહાલસોયી દીકરી હતી. પિતાએ એની વિદ્યાનો એને વારસો આપ્યો હતો. નાની વયની હોવા છતાં એ વિદુષી હતી. પિતા ધર્મભક્તિના ભાવમાં ડૂબીને અને વીતરાગપ્રીતિમાં એકરૂપ બનીને જે



ભક્તિથી ગદ્યકથાનું સર્જન કરતા હતા, તેનું તિલકમંજરી રોજ વાચન કરતી હતી. આ પ્રભુકથામાં એને એટલો બધો રસ પડ્યો કે એના શબ્દેશબ્દને પોતાની સ્મૃતિમાં સાચવી રાખતી હતી. કવીશ્વર ધનપાલે વેદનાભર્યો નિસાસો નાખતાં એમ કહ્યું કે વર્ષોની એમની સાહિત્યસાધનાને રાજાએ એના ગુસ્સામાં પળવારમાં રાખ કરી દીધી.

તિલકમંજરીએ કહ્યું, ''પિતાજી, આપ સહેજે વ્યગ્ર થશો નહીં. રાજાએ ભલે એ ગ્રંથનાં પૃષ્ઠો સળગાવી નાખ્યાં હોય, પરંતુ એ ગ્રંથનો સાહિત્યરસ તો મારા ચિત્તમાં સુરક્ષિત છે. આખો ગ્રંથ મને મોઢે છે.''

કવિના આનંદની સીમા ન રહી. પોતાની પુત્રી માટે તેમને ગૌરવ થયું. એની સ્મૃતિશક્તિ માટે માન થયું. પોતે આપેલા સાહિત્યના સંસ્કારો કપરા સમયે કેટલા બધા લાભદાયી બન્યા એનો વિચાર કવિ ધનપાલ કરવા લાગ્યા. તિલકમંજરીના મુખેથી ગદ્યકથા વહેવા લાગી અને કવિ ધનપાલ એને લખવા લાગ્યા. કોઈક ભાગ તિલકમંજરીએ સાંભળ્યો કે વાંચ્યો નહોતો એટલો જ ભાગ કૃતિમાં અધૂરો રહી ગયો. કવિ ધનપાલે એ ભાગની રચના કરીને કથાને અખંડ સ્વરૂપ આપ્યું.

વિ.સં. ૧૦૮૪માં આ ઘટના બની. નવ રસોથી ભરપૂર એવી ઉત્કૃષ્ટ ગદ્યકથા રચાઈ ગઈ. કવીશ્વર ધનપાલને જીવન-સાર્થક્યનો અનુભવ થયો. આવી પુત્રી મળી ન હોત તો પોતાની ગદ્યકૃતિનું શું થાત ? આથી કવીશ્વર ધનપાલે આ કૃતિનું નામ 'તિલકમંજરી' રાખ્યું, ધન્ય છે તિલકમંજરીન એ સ્મરણશક્તિને, જેણે એક મહાન ગ્રંથને પુનઃ સર્જન-આકાર આપ્યો !

❖❖❖

## બિંદુમાં સિંધુ

કોઈ પણ કાર્ય કરતાં પહેલાં એના પરિણામનો વિચાર કરજો; કારણ કે ક્રિયા અને પ્રતિક્રિયાનો સિદ્ધાંત સર્વત્ર સરખી રીતે લાગુ પડે છે. તમને જે નથી ગમતું, તમને જે પસંદ નથી, એવું કોઈ પણ આચરણ તમે ક્યારેય બીજા પ્રત્યે ન કરતા બીજાના હૈયાને દુભવીને તમે પ્રસન્નતા કેવી રીતે પામશો ? બીજાના રાહમાં શૂળ બિછાવીને તમે ફૂલોની ચાહના કે અપેક્ષા કેમ રાખી શકો ? આ તો કુદરતનો નિયમ છે કે તમે જેવું આપશો, એવું પામશો માટે આજથી અને આ પળથી જ સંકલ્પ કરો કે - 'બીજાના જીવનમાં બાગ નહિ ઉગાડાય તો કંઈ નહિ, પણ આગ તો નહિ જ લગાડું. બીજાના રાહમાં દીપક જલાવાય તો ભલે પણ કોઈનું દિલ તો નહિ જ દુભવું !'

# જાપથી પાપ રહે આઘું

હરિભાઈ કોઠારી



**પઠતો નાસ્તિ મૂર્ખત્વં જપતો નાસ્તિ પાતકમ,**
**મૌનિનઃ કલહો નાસ્તિ ન ભયં ચાસ્તિ જાગ્રતઃ**

'અભ્યાસુ માણસ પાસે મૂર્ખતા રહેતી નથી, જપ કરનારને પાપ નડતું નથી, મૌન ધારણ કરનારને કોઈ ઝઘડો થતો નથી, તેમજ જાગ્રત માણસને કશાનો ભય લાગતો નથી.'

દેવર્ષિ નારદના આદેશ મુજબ રામનામનો જપ કરતાં કરતાં લુટારો વાલિયો, મહર્ષિ વાલ્મીકિ બની ગયો. અનેકોના જાન લેનાર વાલિયો, વાલ્મીકિ બની ગયો. અનેકોના જાન લેનાર વાલિયો, વાલ્મીકિ રામાયણની રચના કરીને કરોડો લોકો માટે યુગાનુયોગ સુધી જીવનદાયી બની રહ્યો. જાપ માણસનાં પાપ ધોઈ નાખીને તેને પાવન બનાવે છે.

નામસ્મરણનો મહિમા મોટો,
વેદ મુનિ જશ ગાય,
નામે પાપી પાવન થાય !

જપ કરવાથી માણસનું મનોબળ વધે છે. ઈષ્ટદેવના જપથી તેના સાંનિધ્યની પ્રતીતિ થાય છે, જે માણસને નિર્ભય બનાવે છે. 'તજ્જપસ્તદર્થ ભાવનમ્' એમ કહીને પતંજલિએ પણ જપનો મહિમા વર્ણવ્યો છે. સાર્થક જપ કરનાર મનુષ્યના ચહેરા પર ઉપાસ્ય દેવની આભા પ્રતિબિંબિત થાય છે. રામનામનો જપ કરનારી સત્યવાદી, કૃષ્ણને જપનાર પ્રેમાળ તો બુદ્ધનો જપ કરનાર કરુણાપૂર્ણ અંતઃકરણનો બને છે. શિવને જપનાર મંગલમય તેમજ કલ્યાણકારી તો ગાયત્રીનો જપ કરનાર તેજસ્વી બને છે. શ્રીકૃષ્ણે પણ 'યજ્ઞાનાં જપયજ્ઞોસ્મિ' એમ કહીને યજ્ઞોમાં જપયજ્ઞને પોતાની વિભૂતિ ગણાવ્યો છે.

માનસિક એકાગ્રતા સાધીને જપ, ધ્યાનની પૂર્વભૂમિકા તૈયાર કરે છે. સમજણપૂર્વકનો જપ વિકાસસાધક અને આનંદપ્રદ બને છે તો સમજ્યા વગર કરેલો જપ પણ માનસિક વ્યગ્રતા ઓછી કરી માણસને તણાવમુક્ત બનાવે છે. ગોળ અંધારામાં ખાઓ તો પણ મીઠો જ લાગે છે તેમ ભગવાનનું નામસ્મરણ અજ્ઞાનમાં થાય તો પણ ફાયદો જ કરે છે.

એક રાજા એક વાર શિકાર કરવા ગયો હતો. એક મૃગની પાછળ પડતાં તે પોતાના સૈનિકોથી વિખૂટો પડી ગયો. થોડા વિશ્રામ બાદ તે પોતાના રાજમહેલ તરફ પાછો વળવા નીકળ્યો. રસ્તામાં એક નદીકિનારે તેણે એક સાધુને કશુંક બોલતા સાંભળ્યા. સાધુ નદીમાં ઊભેલા એક બગલાને ઉદ્દેશીને કંઈક કહી રહ્યા હતા. બગલો ચાંચમાં પાણી લઈને પથ્થર પર નાખતો હતો અને પછી તેના પર પોતાની ચાંચ ઘસતો હતો. નૈસર્ગિક રીતે આ માછલાં પકડવાની પૂર્વતૈયારી જ હતી. સાધુએ બગલાને કહ્યું,

ઘિસ ઘિસ ઘિસ ઘિસત હૈ
ઉપર લગાવત પાની,
કિસ કારણ કો ઘિસત હૈ,
વોહી બાત મૈં જાનિ !

રાજાએ આ શબ્દો સાંભળ્યા. સાધુના મુખેથી નીકળતા આ શબ્દોને મંત્રરૂપ સમજીને રાજાએ યાદ રાખી લીધા. સાધુને પ્રણામ કરીને તે પોતાના નગર તરફ ચાલ્યો. રસ્તામાં સાધુના શબ્દોને તે સતત દોહરાવતો રહ્યો.

અહીં રાજ્યમાં એક નવી ઘટના આકાર લઈ રહી હતી. પ્રધાન અને રાણી રાજાને ખતમ કરવાનું કાવતરું ઘડ્યું હતું. આ કાર્ય માટે પ્રધાને રાજાના હજામને રાખો હતો. દાઢી કરતાં કરતાં હજામે રાજાની ગરદન કાપી નાખવી એવું નક્કી થયું હતું. આ કાર્યમાં સાથ આપવા બદલ પ્રધાને એને મોટી રકમનું ઈનામ આપવાનું જણાવ્યું હતું અને સાથ ન આપે તો ગરદન કાપવાનો ભય પણ દેખાડ્યો હતો. ના છૂટકે વાળંદ આ કામ કરવા કબૂલ થયો હતો.

બીજે દિવસે હજામ રાજાની હજામત કરવા આવ્યો. ભયથી એનું હૃદય કંપતું હતું. એક જ ઝાટકે રાજાની ગરદન કપાઈ જાય એ હેતુથી તે પોતાના અસ્તરાની ધાર તેજ કરવા તેને પથ્થર પર પાણી નાખીને ઘસી રહ્યો હતો. એ દરમ્યાન રાજાના મુખમાંથી સાધુના શબ્દો અનાયાસે સરી પડ્યા.

ઘિસ ઘિસ ઘિસ ઘિસત હૈ
ઉપર લગાવત પાની,
કિસ કારણ કો ઘિસત હૈ,
વોહી બાત મૈં જાનિ !

રાજાના આ શબ્દો સાંભળતા જ હજામના મોતિયા મરી ગયા. તેને એમ થયું કે રાજાને કપટની ગંધ આવી ગઈ છે. તેથી તેણે પોતાનો જાન બચાવવા બધી જ વાત નિખાલસતાથી રાજા પાસે કબૂલી દીધી. રાજાએ હજામને નિર્દોષ છોડી મૂક્યો અને રાણી તેમજ પ્રધાનને આજીવન કેદની સજા કરી. સાધુના મુખેથી નીકળેલા શબ્દોને મંત્રવત્ માની અજાણતાં જ એનો ઉચ્ચાર કરવાથી રાજાનો જાન બચ્યો તો ઋષિઓએ

આપેલા મંત્રનો આપણે જો સમજદારીપૂર્વક જપ કરીએ તો કેટલો ફાયદો થાય! ભવસાગરથી પાર ઉતારવાની ક્ષમતા મંત્રજાપમાં રહેલી છે.

ભગવાનના નામનો જપ કરનારને વિકારો પણ પજવતા નથી. રામ અને શ્યામની સામે કામ ટકી શકતો નથી. વાસુદેવની સામે ઊભા રહેવાની વાસનામાં હિંમત નથી.

રાજા ભોજના સમયની વાત છે. મહાકવિ કાલિદાસના કારણે ભોજની સભા અજેય હતી. સરસ્વતી જેની જીભે બિરાજે છે એવા કાલિદાસ પાસે સૌ પરાભૂત થઈ જતા. એક વખત કાલિદાસ કંઈ કામ પ્રસંગે બહારગામ ગયા હતા. બરાબર આ તક સાધીને પ્રતિષ્ઠાનપુરનો એક પંડિત સભામાં હાજર થઈ ગયો. તેણે સભાને ચર્ચા માટે પડકારી. કાલિદાસની અનુપસ્થિતિમાં આ પડકાર ઝીલવો અઘરો હતો. હારી જવામાં પ્રતિષ્ઠા જવાનો ડર હતો. રાજા ભોજે પંડિતને બીજે દિવસે સવારના સભામાં આવવા જણાવ્યું.

ભોજ ખૂબ જ ચિંતિત હતો. સાંજે તે નદીકિનારે ફરવા ગયો. તેને ચિંતાતુર જોઈને નદીકિનારે ફરવા આવેલા ગાંગા તેલીએ રાજાની ચિંતાનું કારણ પૂછ્યું. રાજો પ્રતિષ્ઠાનપુરના પંડિતે આપેલ અહ્‌વાનની વાત કરી. ગાંગા તેલીએ કહ્યું, 'એમાં શું છે ? હું એ પડકાર ઝીલીને એની જોડે ચર્ચા કરીશ !' રાજા હસવા લાગ્યો. રાજાએ કહ્યું, 'આટલા મોટા પંડિત જોડે ચર્ચા કરવાનું તારું ગજું નહીં.' ગાંગાએ કહ્યું, 'એમાં વાંધો શું છે ?' મારે ગુમાવવાનું તો કશું છે જ નહી ! જીત્યા તો જંગબહાદુર અને નહીં તો ગાંગા તેલી (ઘાંચી) તો છીએ જ !'

ગાંગાની વાત સાંભળીને રાજાના મનમાં પ્રકાશ પડ્યો. છેવટના ઉપાય તરીકે આ વાત અપનાવી લેવા જેવી લાગી. રાજાએ ગાંગાને કહ્યું, 'તારે જેમ બને તેમ ઓછું બોલવું. વધુ બોલવાથી બફાય.'

ગાંગો કહે, 'ઓછું બોલવું એવું નહીં પણ બોલવું જ નહીં. અમારી મૌન ચર્ચા થવા દો. ઈશારાથી સાંકેતિક ચર્ચા કરવાનું તેમ એ પંડિતને જણાવજો.'

રાજાને આ વાત ગમી ગઈ. ગાંગાની પ્રતિષ્ઠા ઊભી કરવા રાજાએ કહ્યું, 'આવતી કાલે સભામાં તને લઈ આવવા માટે પાલખી મોકલાવીશ અને તારે ઠાઠમાઠથી તૈયાર થઈને સભામાં આવવાનું. તારા માટે સુંદર વેશભૂષાની હું વ્યવસ્થા કરું છું. આવતી કાલે તારે મહાકવિ કાલિદાસના ગુરુ તરીકે સભામાં પધારવાનું છે.'

બીજે દિવસે પંડિતે સાંભળ્યું કે કાલિદાસના ગુરુ ચર્ચા કરવા આવવાના છે, તેથી અડધો તો એ પહેલેથી જ ખલાસ થઈ ગયો. ગુરુનો ઠાઠમાઠ નિહાળીને રહીસહી હિંમત પણ ઓગળી ગઈ. સાંકેતિક ચર્ચા દરમિયાન પંડિતે એક આંગળી દર્શાવી તો ગાંગાએ બે આંગળી બતાવી. પંડિતે પાંચ આંગળી બતાવતાં ગાંગાએ મૂઠી બતાવી. પંડિત ગાંગાના ચરણોમાં ઢળી પડ્યો અને પોતાની હાર કબૂલી લીધી. રાજાને મહદાશ્ચર્ય થયું.

રાજાએ પંડિતને એકાંતમાં લઈ જઈને આનું રહસ્ય પૂછ્યું. પંડિતે કહ્યું 'મેં એક આંગળી દ્વારા એક બ્રહ્મતત્ત્વનો ઉલ્લેખ કર્યો તો એમણે બે આંગળી દ્વારા જીવ-શિવ બે તત્ત્વોનો ઉલ્લેખ કર્યો. મેં પાંચ આંગળી દ્વારા પંચમહાભૂતોને સૃષ્ટિનું કારણ બતાવ્યા તો એમને મૂઠી વાળીને પંચમહાભૂતોના એકત્રીકરણને સૃષ્ટિનું કારણ ગણાવ્યું. સંકેતમાં એમણે સત્ય સમજાવી દીધું. આવા મહાન ગુરુનો શિષ્ય જ કાલિદાસ જેવો સારસ્વત પાકે.'

રાજાએ ગાંગાને એકાંતમાં આનું રહસ્ય પૂછ્યું. ગાંગાએ કહ્યું, 'એ પંડિતે એક આંગળી બતાવીને મારી એક આંખ ફોડવાનું કહ્યું તો મેં બે આંગળી બતાવીને એની બે આંખો ફોડવાની ધમકી આપી. પાંચ આંગળી દ્વારા એણે મને તમાચો મારવાની વાત કરી. તો મેં મૂઠી વાળીને મુક્કો મારવાનું કહ્યું. કેવો ઝૂકી ગયો. લાતોં કે ભૂત બાતોં સે નહીં માનતે !'

પંડિત હોશિયાર હતો તેથી તેણે ગાંગા તેલીએ આપેલા સંકેતના સાનુકૂળ અર્થ કાઢી લીધા. તેમ વિકારો પણ સમજદાર છે. આપણે રામનામનો જપ કરીએ એટલે વિકાર એમાંથી સારો અર્થ તારવી લે કે એને રામની જરૂર છે, કામની નહીં, તેથી સ્વયં નિવૃત્ત થઈ જાય. 'રામ અને શ્યામ હો, ત્યાં પજવે ના કામ રે !'


❖❖❖

## ગાયનું દાન કરવાથી

મોક્ષ મળે છે.
સંતોષ મળે છે.
ધનમાં વૃદ્ધિ થાય છે.
યશમાં વૃદ્ધિ થાય છે.
સંતાન પ્રાપ્ત થાય છે.
દુઃખ-દર્દ દૂર થાય છે.
હૃદય પ્રફુલ્લીત થાય છે.
તાપ-સંતાપ દૂર થાય છે.
પ્રારબ્ધ બળવાન થાય છે.
મનને શાંતિ મળે છે.
સ્વાસ્થ્યને લાભ થાય છે.
તૃપ્તિનો અનુભવ થાય છે.
મનુષ્ય જન્મ સફળ થાય છે.
આત્માને તૃપ્તી મળે છે.
પરિવારે સુખ મળે છે.
ગૃહ, નક્ષત્ર અનુકુળ થાય છે.
રોગોમાંથી મુક્તિ મળે છે.
સંકટોનું નિવારણ થાય છે.
અશ્વમેઘ યજ્ઞનું ફળ મળે છે.

# બે ફિરસ્તા

ડૉ. આઈ. કે. વીજળીવાળા



એક વખત બે ફિરસ્તાઓ સાધુનો વેશ લઈને ધરતી પર ફરવા નીકળ્યા હતા. એકે ઘરડા અને બીજાએ યુવાન સાધુનું સ્વરૂપ લીધું હતું. આમેય બંનેની ઉંમરમાં કેટલીયે સદીઓનો તફાવત હતો. ગુરુ અને શિષ્યના સ્વરૂપમાં ચાલતાં ચાલતાં એ લોકો એક દિવસ સાંજના સમયે એક ગામમાં આવી ચડ્યાં. એ સાંજે વરસાદ પણ ખૂબ વરસતો હતો. ગામમાં પ્રવેશતાં જ એક અમીર માણસનો આલિશાન બંગલો એમની નજરે પડ્યો. ત્યાં પહોંચીને બંને જણાએ દ્વાર ખખડાવ્યું. પેલા અમીર માણસે જ દરવાજો ખોલ્યો. ગુરુ-શિષ્યે એક રાતના આશરો અને થોડાક ભોજનની માગણી કરી.

પેલા અમીરે બંને સાધુઓને પગથી માથા સુધી નિહાળ્યા. ગંદાં કપડાં, ગારાવાળા પગ, વરસાદથી લથબથ શરીર, વધી ગયેલી જટા અને દાઢી સિવાય બીજું શું જોવા મળે ? ઘડીક તો એને થયું કે આ બંનેને કાઢી મૂકું. પણ સાધુઓ કદાચ નારાજ થઈ જાય તો ? એવી બીક લાગવાથી એણે એમણે અંદર આવવાની હા પાડી. સાંજની વધી-ઘટી જે રસોઈ પડી હતી એ એણે બંને સાધુઓને જમાડી. પોતાના ઘરના ઉત્તમ રીતે સજાવેલા એક પણ કમરામાં આ બંને સાધુઓને રાખવાનો એનો જીવ ન ચાલ્યો. ગારાથી ખરડાયેલા આ બંને બાવા પોતાના મકાનના ભવ્ય ઓરડાઓને બગાડી નાંખશે એવી ભીતિ એને સતાવતી હતી. સાધુને વળી પલંગ શું કે ભોંયપથારી શું એમ વિચારીને એણે બંને સાધુઓને મકાનના ભોંયતળિયે આવેલી એક અંધારી ઓરડીમાં શણના કોથળા પાથરી આપ્યા. ઓઢવા પણ શણમાંથી બનેલ કંતાન જ આપ્યાં. બંને સાધુ કંઈ પણ બોલ્યા વિના લાંબા થયા. આખા દિવસના પરિભ્રમણથી થાક લાગ્યો હશે એટલે પડતાં જ એમની આંખ મળી ગઈ.

થોડી વાર પછી કંઈક ખખડાટ સાંભળીને ચેલાની આંખ ખૂલી ગઈ. જાગીને જુએ છે તો ગુરુ ઓરડીમાંથી રેતી, ચૂનો, પથ્થર વગેરે શોધીને મકાનના પાયામાં પડેલું મોટું ગાબડું ચાંદી રહ્યા હતા. એને ખૂબ જ નવાઈ લાગી. જે અમીર માણસે એમને આમ જુઓ તો લગભગ હડધૂત જ કર્યા હતા એના જ ઘરની ગુરુ મરામત કરી રહ્યા હતા. જેને શાપ આપવો જોઈએ એને મકાનનું સમારકામ કરીને આશીર્વાદ આપી રહ્યા હતા. ઘડીક વારમાં જ ગુરુએ પાયાની દીવાલને વરસોનાં વરસો સુધી કંઈ પણ ન થાય તેવી મજબૂત કરી આપી. કામ પતાવીને ગુરુએ લંબાવ્યું ત્યારે ચેલાથી બળાપો કાઢ્યા વિના ન રહેવાયું. એણે ગુરુ પાસે પોતાની નારાજગી વ્યક્ત કરી ત્યારે ગુરુ ફક્ત એટલું જ બોલ્યા કે, 'બેટા ! આપણને જેવું દેખાય છે અને આપણે જેવું માનીએ છીએ એ બધું હંમેશાં એવું જ નથી હોતું.' ગુરુની વાત સમજાઈ નહીં પણ એમાં જરૂર કંઈક મર્મ હશે જ એમ માનીને એ ચૂપ થઈ ગયો. સવાર પડતાં જ બંને પેલા અમીરની રજા લઈને આગળ ચાલ્યા.

એ દિવસે પણ ખાસ્સું ફર્યા પછી સાંજ પડતાં જ એક ગરીબ માણસની ઝૂંપડી પાસે આવી પહોંચ્યા. ઝૂંપડીમાં એક વૃદ્ધ દંપતી રહેતું હતું. ડોસો અને ડોસી પોતાની પાસે એક ભેંસ હતી તેનું દૂધ વેચીને ગુજરાન ચલાવે. સંતાન તો કંઈ હતું નહીં. બંને જણાં સાધુઓને પોતાના આંગણે પધારેલા જોઈને હરખઘેલાં થઈ ગયાં. એમણે આગ્રહ કરીને સાધુઓને પોતાના તૂટેલા ખાટલા પર બેસાડીને એમના પગ ધોયા. પછી રોટલો, ભેંસનું દૂધ અને મરચાંની ચટણીનું ભોજન કરાવ્યું. આગ્રહ કરી કરીને બંને સાધુઓને એમણે ભરપેટ જમાડ્યા. ભોજન સાવ સાદું હતું પણ બંનેનો ભાવ એવો અદ્ભુત હતો કે ગુરુચેલાને આ ભોજન પેલા અમીરના વધેલાં પક્વાનો કરતાં પણ વધુ મીઠું લાગ્યું.

રાત પડી. ઝૂંપડી એટલી નાની હતી કે ફક્ત બે માણસ જ સમાઈ શકે. બાકી તો ભેંસ બાંધવાનું એકઢાળિયું હતું. વરસાદનો સમય હતો એટલે બહાર સૂઈ શકાય તેવું તો હતું નહીં. ડોસા-ડોસીએ સમ દઈને બંને સાધુઓને ઝૂંપડીમાં સૂવડાવ્યાં અને પોતે ભેંસની બાજુમાં એકઢાળિયામાં સૂતાં.

વહેલી સવારે કોઈના રડવાનો અવાજ સાંભળીને ચેલાની ઊંઘ ઊડી ગઈ. જોયું તો ગુરુ નિર્લેપ ભાવે બેઠા હતા અને બહારથી ડોસા-ડોસીના રડવાનો અવાજ આવી રહ્યો હતો. બહાર જઈ એણે જોયું તો એ વૃદ્ધ દંપતીની આજીવિકાનું એકમાત્ર સાધન એમની ભેંસ મરી ગઈ હતી. એ વૃદ્ધ પતિ-પત્ની માટે ભેંસ તો જીવાદોરી સમાન હતી. એના મરી જવાથી બંને માણસ પર વીજળી તૂટી પડી હતી. એમને આશ્વાસન આપવા માટેના શબ્દો પણ ચેલાને જડ્યા નહીં. શું બોલવું એને ન સમજાયું. એ કંઈ પણ બોલ્યો નહીં. ફક્ત એની આંખમાંથી પણ આંસુઓ સરી પડ્યાં. વૃદ્ધ દંપતીની મૂંગા-મૂગા રજા લઈ એમને વિલાપ કરતાં જ છોડીને બંને આગળ વધ્યાં.

ગુરુ તો ચૂપચાપ ચાલ્યે જતા હતા. પણ ચેલાથી હવે રહેવાયું નહીં. બે રાતથી દબાવી રાખેલો એનો આક્રોશ બહાર આવી ગયો.

| ઝાલાવાડી સભા ચૅરિટેબલ ફાઉન્ડેશન<br>શૈક્ષણિક ઉત્કર્ષ યોજનામાં તા. ૨૫-૦૭-૨૦૨૪ પછી મળેલ રકમની વિગત | |
|---|---|
| **ડૉ વિનોદભાઈ વૃજલાલ શેઠ પરિવાર** | **રૂા. ૧૧,૦૦,૦૦૦/-** |
| **રસીકલાલ ગોકલદાસ અજમેરા પરિવાર** | **રૂા. ૩,૦૦,૦૦૦/-** |
| **દાદાશ્રી મગનલાલ ધારશીભાઈ દોશી પરિવાર** | **રૂા. ૩,૦૦,૦૦૦/-** |
| **બેલાબેન સમીરભાઈ ચંપકલાલ સંઘવી** | **રૂા. ૨,૦૦,૦૦૦/-** |

*(ક્રમશઃ પાના નં ૧૯ થી)*

એ બોલ્યો, 'ગુરુજી હવે તો હદ થાય છે. તમે તો અત્યંત શક્તિશાળી અને ચમત્કારી છો. તો પછી આમ કેમ ? જેના ઘરે કોઈ વસ્તુની ખામી નથી એવા પેલા લોભિયા અમીરની દીવાલ તમે સારી કરી આપી. એમએ તો આપણને બરાબર સાચવ્યા પણ નહોતા. અરે ! એવું કહો કે એણે તો આપણને હડધૂત જ કર્યા હતા. છતાં તમે એને મદદ કરી, જ્યારે આ વૃદ્ધ દંપતીએ તો આપણને ખરેખર અતિથિ દેવોની જેમ જ સાચવ્યા હતા. એ વૃદ્ધ દંપતીનું તો જે કહો તે એમની ભેંસ જ હતી. તમારી હાજરી હોવા છતાં એમની ભેંસ મરી ગઈ. છતાં તમે નિર્લેપ જ રહ્યા. શું તમને એમની દયા પણ ન આવી ?'

'જો બેટા ! આપણને જેવું દેખાય છે અને આપણે જેવું માનીએ છીએ એ બધું હંમેશાં એવું જ નથી હોતું. !' એટલું ખૂબ જ શાંતિપૂર્વક કહીને ગુરુએ તો પોતાની ધૂનમાં ચાલવાનું શરૂ જ રાખ્યું.

પણ આજે ચેલો એક પણ વાત માનવા તૈયાર નહોતો. એની નામરજી જોઈ ગુરુ ઊભા રહી ગયા. આકાશ સામે જોઈ કંઈક વિચાર્યું. પછી બોલ્યા, 'જો ! તારે જાણવું જ છે ને ? તો સાંભળ ! પેલા અમીર માણસના મકાનના પાયામાં એના પિતાએ હજારો સોનામહોરો અને ઝવેરાત છુપાવેલું હતું. એના પાયાની દીવાલમાં ચૂનાનું ગાબડું પણ બરાબર એ જ જગ્યાએ પડ્યું હતું. જો હું એ ગાબડાનું સમારકામ ન કરત તો એ ખજાનો ક્યારેક આ લોભિયાને હાથ લાગી જ જાત. અને હવે એ માણસ એ ધન મેળવવાને બિલકુલ લાયક નથી રહ્યો. એટલે વરસો સુધી એ સોનામહોરો કોઈના હાથમાં ન આવે એવી રીતે મેં દીવાલમાં ભંડારી દીધી અને ઉપર એવું સમારકામ કરી નાખ્યું કે એ જગ્યાએ ક્યારેય ગાબડું પડે જ નહીં !'

ગુરુની વાત સંભાળી ચેલાને આશ્ચર્ય થયું. એના મનનું અમુક અંશે સમાધાન થયું પણ પેલા વૃદ્ધ દંપતી અંગે પૂછ્યા વિના એનાથી ન રહેવાયું. એ બોલી ઊઠ્યો, 'તો પછી ગુરુજી, પેલા વૃદ્ધ ખેડૂત દંપતીની ભેંસ શું કામ મરી જવા દીધી ? એમાં પણ કંઈક રહસ્ય હોય તો મને સમજાવો !'

માર્મિક હાસ્ય વેરતાં ગુરુએ કહ્યું, 'બેટા ! કાલે રાત્રે તું સૂતો હતો ત્યારે મોતના દૂતો એ ડોસીમાનો જીવ લેવા માટે આવ્યા હતા. જો આ ઉંમરે માજી જતા રહે તો દાદાનું શું થાય ? એ તો ખરેખર ભગવાનના દૂત જેવો માણસ છે. એની પાછળની જિંદગી વેરાન બની જાય. એટલે મેં યમદૂતને સમજાવીને માજીને બદલે એમની ભેંસનો જીવ લઈ જવા સમજાવ્યો. ઈશ્વરના આદેશથી એણે એ માન્ય રાખ્યું. એટલે ભેંસ મરી ગઈ પણ એ ડોસીમા બચી ગયાં !'

યુવા સાધુ અહોભાવથી ગુરુ સામે જોઈ રહ્યો. અચાનક એનાથી પુછાઈ ગયું કે, 'પણ ગુરુદેવ ! એ બંને ડોસા-ડોસી હવે ખાશે શું ? ભેંસ એમની જીવાદોરી હતી. હવે એ બંને ઘરડાં માણસો ઘર કઈ રીતે ચલાવશે ?'

'મેં આપણા ખાટલા પરની ગોદડીની નીચે એક ખોબો ભરીને સોનામહોરો સરકાવી દીધી છે. ઈશ્વરના આદેશથી એ સોનામહોર મેં પેલા લોભિયા અમીરના ખજાનામાંથી આ લોકો માટે જ લીધેલી. હવે એ બંને જણાં આનાથી પણ વૈભવશાળી જિંદગી જીવી શકશે.' આટલું કહી ગુરુએ એ જ માર્મિક હાસ્ય કર્યું. પછી આકાશ સામે એક દૃષ્ટિ નાંખીને બોલ્યા, 'આપણને જેવું દેખાય અને આપણે જેવું માનતા હોઈએ એવું હંમેશા નથી હોતું !'

ચેલાના મનનું સંપૂર્ણ સમાધાન થઈ ચૂક્યું હતું. બંને ફરીથી મસ્તીમાં ચાલવા લાગ્યા.

આપણે સૌ આવી જ રીતે આપણી ધારણા પ્રમાણે કંઈ ન બને એટલે પ્રારબ્ધનો કે ભગવાનનો વાંક કાઢતા હોઈએ છીએ. પણ દિલથી જો ભગવાન પર વિશ્વાસ રાખીએ તો ખ્યાલ આવતો જશે કે ભગવાન આપણા ફાયદા માટે બધું બરાબર જ ગોઠવતો જતો હોય છે. પણ જે-તે વખતે આપણે એ જાણતા નથી હોતા. એટલે કાયમ એ યાદ રાખવું જોઈએ કે આપણે માનીએ છીએ તેવું હંમેશા નથી હોતું !

❖❖❖

## પ્રત્યેક ઝાલાવાડી સભ્યનું ઉત્તરદાયિત્વ

# 'આધારસ્તંભ યોજના'

સમગ્ર જૈન સમાજમાં આદર્શરૂપ કહી શકાય તેવી આપણી માતબર સંસ્થાએ ૧૨૦ વર્ષની દીર્ઘયાત્રામાં સામાજિક ઐક્ય અને ઉત્કર્ષનાં ઉત્તમ કાર્યો સંપન્ન કર્યાં છે.

ઝાલાવાડી સભાના નવા આયામોમાં દાતાઓએ ઉદાર હૃદયે હંમેશા સાથ આપ્યો છે, પણ અમે એવું વિચાર્યું છે કે આ સામાજિક યજ્ઞમાં સહુનું યોગદાન જોઈએ – સામાજિક તમસને ઓગાળવા સહુએ એક દીવો પ્રગટાવવાનો – ઇશ્વરની મૂર્તિ માટે એક નાનકડી બાળકીએ આપેલા સિક્કા જેવો અમૂલ્ય દીવો.

આ યોજના મુજબ **નોટબુક, સ્વધર્મી સહાય, મેડિકલ રાહત યોજના** તથા અન્ય સહાય યોજના માટે એટલે **રૂા. ૧૧,૦૦૦/-** આપનાર પરિવાર તે વર્ષનો આધાર સ્તંભ અને ઉપરોક્ત યોજનાઓના સહયોગી દાતા બની શકશે. એક એક બુંદ થકી હોજ ભરાઈ જાય એવી આ વાત છે. આપણા સાધર્મિક બંધુઓને સહાયરૂપ થઈ શકીએ, વિદ્યાને ઉત્તેજન આપી શકીએ, અને માંદગીમાં મૂંઝાયેલા બંધુ-ભગિનીને હળવાશ આપી શકીએ...આપણું કશું આપીને અન્યને પ્રસન્ન કરવાની, દાનની નાનકડી ધારા વહાવવાની આ વાત છે.

- આપનો ચેક 'Zalawadi Sabha Charitable Foundation'ના નામનો મોકલવા વિનંતી.
- આપનું દાન ૮૦-જી અન્વયે કરમુક્ત રહેશે.

**આ યોજનામાં જોડાનાર વધુ બડભાગી દાતાઓ : દરેકના રૂા. ૧૧,૦૦૦**

- **સ્વ. રણજીતભાઈ શિવલાલ શાહ (બોરીવલી) તારીખ ૬-૮-૨૦૨૦ ના અરિહંત શરણ પામ્યા તેમના સ્મરણાર્થે શારદાબેન સુર્યકાંત શેઠ (કાંદિવલી) તરફથી**
- **સ્વ. હર્ષદભાઈ શિવલાલ શાહ (U.S.A) તારીખ ૨૭-૭-૨૦૨૩ના અરિહંત શરણ પામ્યા તેમના સ્મરણાર્થે શારદાબેન સુર્યકાંત શેઠ (કાંદિવલી) તરફથી**
- **બોટાદ નિવાસી હાલ- બોરીવલી (વેસ્ટ) ભારતીબેન તથા મુકેશભાઈ ન્યાલચંદ શાહના પૌત્ર અને ખુશ્બુ તથા સુરીલ મુકેશ શાહનો પુત્ર ચિ. વિયાન ના દસમા (10th) જન્મ દિવસ નિમિતે (Suman Metalloys (steel Merchant) Darukhana, Reay Road**
- **દાદાશ્રી મગનલાલ ધારશીભાઈ દોશી મુળવતન -લીંબડી (પાંચ વર્ષના આધારસ્તંભ દાતા = ૧૧૦૦૦ x ૫= ૫૫૦૦૦/-) દોશી પરિવાર તરફથી**
- **વિક્રાંતભાઈ વિરેન્દ્રભાઈ ગાંધી તરફથી**
- **રાણાગઢ નિવાસી (હાલ - અંધેરી) કુલ રકમ ૧૧૦૦૦ x ૫ = ૫૫૦૦૦/-) દોશી પરિવાર તરફથી હરિશ વ્રજલાલ દોશી, કાનન હરિશ દોશી, ધ્વની હરિશ દોશી, રિષી હરિશ દોશી, રિદ્ધી રિષી દોશી**

## વેવિશાળ

| | | વરપક્ષ | કન્યા પક્ષ |
|---|---|---|---|
| **અર્જુન** | **શ્રેયા** | | |
| શ્રી અતુલભાઈ લાભુલાલ તુરખિયાના સુપુત્ર પીપરાળી-ચોટીલા નિવાસી (હાલ - ઘાટકોપર) શ્રી દિપકભાઈ પોપટલાલ ભાલસોડની સુપુત્રી અંજાર-કચ્છ નિવાસી (હાલ - ઘાટકોપર) | | ૧૫૦૦ | ૧૫૦૦ |
| **આદિત્ય** | **મનસ્વી** | | |
| શ્રી રવિભાઈ બાબુભાઈ કોમતીના સુપુત્ર મુંબઈ નિવાસી (હાલ - અંધેરી) શ્રી મયુરભાઈ શશીકાંતભાઈ વોરાની સુપુત્રી વીંછીયા નિવાસી (હાલ - બોરિવલી) | | ૫૦૧ | ૫૦૧ |
| **અર્પણ** | **ધ્વની** | | |
| શ્રી અતુલભાઈ વાડીલાલ ગાંધીના સુપુત્ર વઢવાણ નિવાસી (હાલ -કાંદિવલી) શ્રી સંજયભાઈ રસીકલાલ દોશીની સુપુત્રી ખારવા નિવાસી (હાલ - દહિંસર) | | ૫૦૧ | ૫૦૧ |
| **અમીત** | **નીધી** | | |
| શ્રી લલીતભાઈ વાડીલાલ પારેખના સુપુત્ર બરવાળા (ઘેલાશા) નિવાસી (હાલ - ભાયંદર) શ્રી નિતિનભાઈ જયંતિલાલ ગંભીરદાસ કામદારની સુપુત્રી ભાવનગર નિવાસી (હાલ - મીરારોડ) | | ૪૦૧ | ૪૦૧ |
| **નૈતિક** | **દેવી** | | |
| શ્રી દિલિપભાઈ હીરાલાલ જેચંદભાઈ શાહના સુપુત્ર સાયલા નિવાસી (હાલ - કાંદિવલી) શ્રી રાજેનભાઈ ધારશીભાઈ વોરાની સુપુત્રી સુરેન્દ્રનગર નિવાસી (હાલ - કાંદિવલી) | | ૨૫૦ | ૨૫૦ |

**મહત્ત્વની સૂચના** સર્વે સભ્યોને જણાવવાનું કે ઝાલાવાડી સભાનો તમામ આર્થિક વ્યવહાર – ખાસ કરીને ડોનેશન તથા જાહેરાતોનો વ્યવહાર માત્ર ચેક અથવા ડ્રાફ્ટથી કરવાનો રહેશે.

## શ્રી ઝાલાવાડી સ્થાનકવાસી જૈન સભા –મુંબઈ
## ઝાલાવાડી સભા ચેરિટેબલ ફાઉન્ડેશન

**301, Bay View (East), 3rd Floor, 47, Dr. M.B. Velkar Street, (Kolbhat Lane) Chira Bazar, Mumbai - 400 002.**

**Office Time : 11.00 A.M. To 7.00 PM • Lunch Time : 1.00 To 2.00 PM**

**Please Note : Office New Mobile No. 7208472884 • 7208481791 • 7208472744**

**સ્નેહાળ સભ્ય મિત્રો,**

ઝાલાવાડી સભા આપ સર્વેની કુશળતા ઈચ્છે છે. સભ્યોની તંદુરસ્તી બની રહે તેવી ઈશ્વરને પ્રાર્થના.

ઝાલાવાડી સભાના દરેક સભ્યોને જણાવતાં અત્યંત આનંદ થાય છે કે આપણી મુંબઈ ઓફિસ રાબેતા મુજબ ચાલુ થઈ ગયેલ છે. સભાના ચારેય સેનિટોરિયમનું બુકિંગ ઓનલાઈન કરવાનું રહેશે.

**Shree Zalawadi Sthanakwasi Jain Sabha - Mumbai**
**Bank of India - Kalbadevi Branch - A/c. 002410100027896 - IFSC Code: BKID0000024**
**પત્રિકા માટે જાહેરાતની રકમ ઉપર આપેલ એકાઉન્ટમાં જમાં કરાવવાની રહેશે**

**Zalawadi Sabha Charitable Foundation**
**Bank of India - Kalbadevi Branch - A/c. 002410100055214 - IFSC Code: BKID0000024**
**અનુદાન/ ડોનેશનના રૂપિયા ચેરિટેબલ ફાઉન્ડેશનમાં મોકલવા જેથી કરરાહતનો લાભ મળી શકે.**

**જે પણ રકમ દાનની ઓનલાઈન મોકલો તેની Transaction ID /Receipt મિલનભાઈને મોકલવા વિનંતી.**

| | | | |
|---|---|---|---|
| લોનાવલા : મિલનભાઈ 9860125136 પંચગીની /માથેરાન/Online Query નિરવભાઈ 7208472744 | સંસ્થાના મેનેજર શ્રી પ્રદીપભાઈ તુરખિયા સંપર્ક 9867748120 | પત્રિકા જાહેરખબર તથા દેવલાલી : આશાબેન 9819956529 | સુરેન્દ્રનગર અતિથિ ભવન સુરેન્દ્રનગર – કેતનભાઈ શાહ 9099350644 / 9426756100 મુંબઈ – મિલનભાઈ તુરખિયા 9860125136 / 7208472884 |

**સેનિટોરિયમનું બુકિંગ ઑનલાઈન zalawadi.com ઉપર જ કરવાનું રહેશે એની નોંધ લેવા વિનંતી.**

# લ્યો, હવે સાતેય અશ્વોને પલાણો આપણે, કે નપાવટ નીકળ્યો છે શ્વાસ નામે સારથિ

**ડૉ. શરદ ઠાકર**

રાત્રિના દસેક વાગ્યા હશે. હું મારા લેખનકાર્યમાં ડૂબેલા હતો, ત્યાં મારા ફોનની ઘંટડી વાગી. હું હજુ તો કંઈ બોલું કે પૂછું તે પહેલાં જ સામા છેડેથી કોઈ પુરુષસ્વર ચાલુ પડી ગયો, 'શરદ ! તારી પાસે સમય છે ને ? મને ખબર છે કે તું ખૂબ જ કામમાં હોય છે, પણ મારે એક એવા કામ માટે ફોન કરવો પડ્યો છે કે...'

'કોણ ? પંકજભાઈ બોલો છો ?' મેં એમણે ઓળખી પાડ્યા.

એ ખુશ થઈ ગયા, 'તું મારો અવાજ ઓળખી ગયો, ભાઈ ?'

'ના, પણ તમારી વાત કરવાની શૈલી ઓળખી ગયો. તમે તો જાણો જ છો કે ફોન પર હું કોઈનો અવાજ ઓળખી શકતો નથી, પણ તમારી સ્ટાઈલ છે કે તમે જ્યારે પણ ફોન કરો છો ત્યારે કશી જ ઔપચારિકતા કર્યા વગર કે વાતચીતનું વાતાવરણ બાંધ્યા વગર સીધા જ મૂળ મુદ્દા ઉપર આવી જાવ છો. તમારી આ શૈલી મારા દિમાગમાં છપાઈ ગઈ છે. હવે બોલો, શું કામ પડ્યું ?'

પંકજભાઈ મારા પિતાજીના દિવંગત ખાસ મિત્રના પુત્ર છે. મારા માટે મોટાભાઈ સમાન છે. સૌરાષ્ટ્રમાં રહે છે. અત્યંત સાત્ત્વિક માણસ. કોઈનું ખરાબ સપનામાંયે ન વિચારે. થઈ શકે તો બીજાનું ભલું કરે. વર્ષો સુધી અમે (એટલે કે અમારા પરિવારો) એકબીજાના ગાઢ સહવાસમાં રહ્યા હતા. આજે પણ જ્યારે ભેગા થઈએ ત્યારે રાતજગો અચૂક કરીએ છીએ.

પંકજભાઈ કામની વાત પર આવ્યા, 'મારા મનુમામાને તો તું ઓળખે ને ? શિહોરવાળા ?'

'હા, તમારા ઘરે આવતા ત્યારે અનેક મળવાનું બન્યું હતું. અત્યારે તો એ ખાસ્સા ઘરડા થઈ ગયા હશે.'

'ઘરડા નહીં, ભાઈ, લગભગ મૃત્યુની કગાર ઉપર પહોંચી ગયા છે. ૮૧ વરસની ઉંમરે ચાર દી પહેલાં એમને બ્રેઈન હેમરેજ થઈ ગયું. મામાને લઈને એમના દીકરાઓ અહીં આવ્યા. એ બિચારાઓની આર્થિક હાલત જરાયે સારી નથી. તું ક્યાં નથી જાણતો ? અમે મનુમામાના બેભાન દેહને અહીંની એક મલ્ટિસ્પેશિયાલિટી પ્રાઈવેટ હૉસ્પિટલમાં લઈ ગયા. ડૉક્ટરે મામાને વેન્ટિલેટર ઉપર મૂકી દીધા.'

હું સાંભળી રહ્યો. મારી છાતીમાં તો આ સાંભળીને ચિરાડો પડી ગયો હતો. બિચારા મનુમામાએ આખી જિંદગી ચપટી લોટ માગીને વિતાવી દીધી હતી. પાસે બે પૈસા જેટલીયે બચત નહીં હોય. બંને દીકરાઓ પણ બેકાર હતા. વેન્ટિલેટરની સારવાર જો સાત-આઠ દિવસ ચાલતી રહી, તો આ ગરીબ બ્રાહ્મણ પરિવાર રસ્તા પર આવી જશે. મનુમામાની ઉંમર, શરીર અને બિમારી જોતા એમના બચવાની શક્યતા નહિવત્ હતી. મારે પંકજભાઈને કયા શબ્દોમાં કહેવું કે મનુમામાને વેન્ટિલેટર પરથી હટાવીને ઘરે લઈ જાવ અને શાંતિથી મૃત્યુ પામવા દો !

પણ પંકજભાઈએ જ વાત ઉપર આવી ગયા, 'શરદ, મેં ડૉક્ટરને પૂછ્યું કે, આવી મોંઘી સારવારથી મારા મામા બચી જશે ખરા ? જવાબમાં ડૉક્ટરે કહ્યું કે બચવાની જરા પણ શક્યતા દેખાતી નથી. આ તો તમારા આશ્વાસન માટે કરીએ છીએ. બહુ પૂછ્યું ત્યારે એણે કીધું કે પેશન્ટ ઈજ બ્રેઈન ડેડ !'

'સાચી જ વાત છે, પંકજભાઈ ! જ્યાં સુધી મશીન ચાલે છે ત્યાં સુધી જ મામા જીવતા રહેશે. જેવું મશીન બંધ એવા જ મામા ગયા સમજો. હવે મને એ કહો કે આ આખીયે વાતમાં હું ક્યાં આવ્યો ?'

પછી પંકજભાઈએ ખરો ઉદ્દેશ જણાવ્યો, 'અમે વર્ષોથી તારી કૉલમ વાંચીએ છીએ. એમાં અસંખ્ય વાર તેં કિડનીની સંસ્થા વિશે લખ્યું છે. મારા મનમાં એક વિચાર આવ્યો છે. મનુમામાનું મગજ મૃત્યુ પામ્યું છે, પણ શ્વાસ અને હૃદય હજુ ચાલે છે જો એમની કિડનીઓ કાઢી લેવામાં આવે તો બીજા કોઈ દરદીના કામમાં આવી શકે કે નહીં ?'

હું ઊછળી પડ્યો, 'અરે, આ તો ખૂબ સારો વિચાર છે, ભાઈ ! માત્ર બે કિડની જ શા માટે ? મનુમામાની બે આંખો પણ નેત્રદાનમાં ઉપયોગમાં લઈ શકાય. એમનું લીવર પણ કોઈ મરતા માણસની જિંદગી બચાવી શકે. એક કાંકરે પાંચ પાંચ પક્ષીઓ બચી જાય.

તમે એમના દીકરાઓને પૂછી જોયું છે ?'

'હા, એ બાપડાને આમાં શું સૂઝ પડે ? જ્યાં હું કહીશ ત્યાં એ લોકો સહી કરી આપશે.'

પંકજભાઈએ વાત પૂરી કરી, એ સાથે જ મારા દિમાગમાં ઊથલપાથલ ચાલુ થઈ ગઈ.

કિડની લેવા માટે તો મારે લાંબી કડાકૂટ કરવી પડે તેમ હતી. સૌથી પહેલાં કિડની ઈન્સ્ટિટ્યૂટના સ્થાપક અને નિયામક એવા વિશ્વવંદ્ય ડૉ. ત્રિવેદી સાહેબની સાથે વાત કરવી પડે. પછી સંપૂર્ણ વ્યવસ્થા વિશે જાણી લેવું પડે. એ સંસ્થામાં જ સેવા આપતા

પ્રખ્યાત ટ્રાન્સપ્લાન્ટ સર્જ્યન ડૉ. પ્રાંજલ મોદી સાથે મારે એક વાર નિરાંતે ચર્ચા થઈ હતી. એમાં મેં એટલું જાણી લીધું હતું કે જરૂર પડે તો દૂરના શહેરમાં જઈને દાતાનું ઑપરેશન કરીને એની કિડનીઓ સાચવીને લઈ આવવાની વિશ્વસ્તરની સુવિધા અમદાવાદની ત્રિવેદી સાહેબે ઊભી કરેલી આ સંસ્થા પાસે મોજૂદ છે. એ માટેની ડૉક્ટરો તેમજ સહાયકોની ટીમ પણ છે અને એરકન્ડિશન્ડ વેન પણ છે.

મેં આવા અસુરા સમયે ડૉ. ત્રિવેદી સાહેબને ફોન કર્યો. એમનો અવાજ થાકેલો હતો, પણ એમનો પ્રતિસાદ ઉત્સાહવર્ધક હતો, 'યુ ડૉન્ટ વરી, શરદભાઈ! અમે તો દરદીઓની જિંદગી બચાવવા માટે જ બેઠા છીએ. તમે બધું પાકું કરી લો. પછી અમને શહેરનું નામ, હૉસ્પિટલનું સરનામું, દરદીની માહિતી વગેરે જણાવો એટલે ડૉ. પ્રાંજલ અને એમની ટીમ રવાના થઈ જશે. હું તમારા ફોનની રાહ જોઈશ.'

'સર, બધું પતાવતાં કદાચ બે કલાક લાગી જાય. તમે ઊંઘી ગયા હશો.'

'મારી ચિંતા ન કરો, યુ કેન ઓલ્વેયઝ ડિસ્ટર્બ મી ફોર ધી રાઈચ રિઝન ઍન્ડ ધી નૉબલ કોઝ!' કહીને સાહેબે વાત પૂરી કરી.

તરત જ મેં પંકજભાઈનો ફોન લગાડ્યો. બધી માહિતી એમને ટ્રાન્સફર કરી દીધી. એમણે વાયદો કર્યો, 'અડધા કલાકમાં કોલ બેક કરું છું.'

અડધાને બદલે એમનો ફોન એક કલાક પછી આવ્યો. એમના અવાજમાં ચિંતા ઝલકતી હતી, 'શરદ, અહીંના ડૉક્ટરે તો અમને ગભરાવી મૂક્યા છે. એ કહે છે કે અમદાવાદથી ડૉક્ટરોની ટીમ આવશે એમનો ખર્ચ મનુમામાના દીકરાઓએ ભોગવવો પડશે. વાહનના આવવા-જવાનો તથા કિડની કાઢવાના ઑપરેશનનો ખર્ચ લાખો રૂપિયામાં થઈ જાશે. મામાના બંને દીકરાઓ ડરી ગયા છે. મારી કેપેસિટી બી આટલા બધા રૂપિયા ખર્ચવા જેવી...'

'અરે, પણ આવી વાહિયાત વાત તમને કયા ગધેડાએ...?' હું ગુસ્સે થઈ ગયો, પછી તરત જ પેલા ડૉક્ટરની રમત પારખી ગયો. કદાચ ત્યાંના ડૉક્ટરને આ બધી કડાકૂટ ગમતી નહીં હોય, માટે જ એ ખર્ચની વાત કરીને દરદીના સગાઓને ઉશ્કેરતો હશે. મેં શાંત થઈને પંકજભાઈને સમજાવ્યા, 'એવું કંઈ નથી, ભાઈ! ડૉ. ત્રિવેદી સાહેબે મોકલેલી ટીમનો એક પૈસો પણ તમારે ચૂકવવો નહીં પડે. એ લોકો સંસ્થાના ખર્ચે આવશે, મફતમાં ઑપરેશન કરી જશે અને...'

'તો વાંધો નથી. હું મામાના દીકરાઓ સાથે વાત કરીને પાછો તને ફોન કરું છું.' પંકજભાઈએ ફરીથી વાયદો કર્યો. એય ભલા માણસ બીજું શું કરી શકે? દોઢેક કલાક પછી એમનો ફોન આવ્યો, 'શરદ, મામાના દીકરાઓ માની ગયા છે, પમ અહીંના ડૉક્ટર પૂછે છે કે અમદાવાદના ડૉક્ટરો આવીને અમારું ઑપરેશન થિયેટલ વાપરશે એનું બિલ તો તમારે ભરવું જ પડશે. મામાના દિકરાઓ ગભરાઈ...'

હું ચિડાઈ ગયો, 'હવે તમે એક પણ શબ્દ વધારે ન બોલશો, પંકજભાઈ એ ડૉક્ટર માણસ નથી લાગતો, મને તો વેપારી લાગે છે. એને કહો કે એના ઓ.ટી.નું બિલ જે થશે તે ડૉ. શરદ ઠાકર ચૂકવી આપશે. મનુમામાની સારવારનું બિલ પણ હું ભરપાઈ કરી આપીશ. અત્યારે સમય કોઈની જિંદગી બચાવવનો છે, આવી આર્થિક ગણતરીઓ કરવાનો નથી. તમે એને કહી દો કે અમે અહીંથી નીકળી રહ્યા છીએ.'

ખરેખર મેં અહીંથી રવાના થવા માટેની બધી વ્યવસ્થા કરી લીધી. આખી ટીમ ઉત્સાહથી થનગનવા લાગી હતી. આ મધરાતના પ્રવાસ અને ત્યાંની શસ્ત્રક્રિયાથી થાક તો તનતોડ લાગવાનો હતો, પણ પછી કોઈ બે અજાણ્યા કિડની ફેઈલ્યોરવાળા અને એક લીવર ફેઈલ્યોરના દરદીઓને નિશ્ચિત મૃત્યુમાંથી નવી જિંદગીઓ મળી જવાની હતી. આ વળતર કંઈ ઓછું ન હતું, ભારતની રિઝર્વ બેન્ક પણ આ વળતર આગળ રાંક લાગતી હતી.

પણ અમે રવાના થઈએ તે પહેલાં જ ફરી પાછો ફોન રણક્યો. પંકજભાઈ જ હતા. એમના અવાજમાં ઘેરી હતાશા હતી, 'શરદ, મને માફ કરજે, ભાઈ! અહીંનો ડૉક્ટર તો સાવ છેલ્લા પાટલે બેસી ગયો છે. એને પેટમાં શું દુઃખે છે તે જ સમજાતું નથી. હવે એ કહે છે કે અમારી હૉસ્પિટલમાં અમારે આવું કંઈ કરવું નથી. અમે દરદીને મૃત્યુ પામેલો જાહેર કરી દઈએ એટલે તમે એમને અહીંથી લઈ જાવ. અમે કોઈ બહારના ડૉક્ટરોને અમારું ઑપરેશન થિયેટર વાપરવા નહીં દઈએ.'

મારા દિમાગમાં અજવાળું ફેલાઈ ગયું. પંકજભાઈને તો મેં કંઈ ન કહ્યું, પણ હું મામલો સમજી ગયો હતો. મનુમામા ક્યારનાયે મૃત્યુ પામી ચૂક્યા હશે. આ 'વેપારી'એ તગડું બિલ વસૂલવા માટે એમની લાશને વેન્ટિલેટર પર મૂકી રાખી હશે. અને જઈએ તો જાહેર થઈ જાય કે મનુમામા બ્રેઈન ડેડ નહીં, પણ આખેઆખા 'ડેડ' થઈ ગયા છે. મને ખબર છે કે આ એપીસોડ વાંચીને કેટલાક ડૉક્ટરો નારાજ થશે. પણ શું કરું? મારા જાતભાઈઓ વિશે સારી વાતો તો ખૂબ લખી છે, પણ ક્યારેક આવી કાળી ઘટનાઓ લખવી એ ધર્મ બની જાય છે. મિત્રો, એટલું ન ભૂલશો કે એ ડૉક્ટરનું નામ મેં જાહેર નથી કર્યું.


❖❖❖

# શ્રી ઝાલાવાડી સ્થાનકવાસી જૈન સભા -મુંબઈ
# ઝાલાવાડી સભા ચેરિટેબલ ફાઉન્ડેશન

*દ્વારા આયોજિત*

## ઓફીસ માટે એક કરોડનું યોગદાન, ઝાલાવાડ રત્ન, ઝાલાવાડ ગ્લોબલ રત્ન તથા એજ્યુકેશન તથા લોનાવલા - પંચગીની સેનેટોરિયમના દાતાઓનું બહુમાન


સ્વાગત કરતા હિનાબેન પારેખ


ટ્રસ્ટીશ્રી પ્રવિણભાઈ શાહ દ્વારા સર્વોને સ્નેહભર્યો આવકાર


ટ્રસ્ટીશ્રીઓ દ્વારા શ્રી મહેન્દ્રભાઈ તથા પ્રિયાબેનનું સન્માન


ટ્રસ્ટીશ્રી પંકજભાઈનું ઉદ્બોધન


ટ્રસ્ટીશ્રીઓ દ્વારા ડૉ. વિનોદભાઈ શેઠને ઝાલાવાડ રત્ન એનાયત


ટ્રસ્ટીશ્રીઓ દ્વારા શ્રી રમેશભાઈ વોરાને ઝાલાવાડ ગ્લોબલ રત્ન એનાયત


ટ્રસ્ટીશ્રીઓ દ્વારા શ્રીમતી સંધ્યાબેન શાહને સન્માન પત્ર એનાયત


ટ્રસ્ટી શ્રીમતી મનિષા શાહ દ્વારા ડિજીટલ વસ્તિપત્રકની રૂપરેખા આપે છે.


ટ્રસ્ટીશ્રીઓ તથા માનદ્ મંત્રીઓ દ્વારા શ્રી અને શ્રીમતી વિનોદભાઈ ગોપાણીનું સન્માન

# એજ્યુકેશન તથા લોનાવલા - પંચગીની સેનેટોરિયમના દાતાઓનું
# બહુમાનની તસ્વીરી ઝલક












# એજ્યુકેશન તથા લોનાવલા - પંચગીની સેનેટોરિયમના દાતાઓનું બહુમાનની તસ્વીરી ઝલક












# એજ્યુકેશન તથા લોનાવલા - પંચગીની સેનેટોરિયમના દાતાઓનું બહુમાનની તસ્વીરી ઝલક














# ચાંદની

પાયલ શાહ

**આ**જે વિક્રમના જીવનમાં સાચે જ સોનાનો સૂરજ ઉગ્યો હતો. તેનું સપનું સાચું થઈ ગયું હતું. આર્મ્સ એન્ડ એજ્યુકેશન બનાવતી કંપનીમાં તેને ઉચ્ચપદની નોકરી મળી હતી. અહીં તેણે ધારેલી મુરાદબર આવે તેવી શક્યતાઓ વધી હતી. વિક્રમ શેઠ, ઉંમર ૨૬ વર્ષ, હિન્દી ફિલ્મના હીરોને પણ ટક્કર મારે તેવી પર્સનાલિટી. ઊંચાઈ ૬-૩. અતિ પ્રબળ મહત્વાકાંક્ષા તેના મનમાં ઉછળતી રહેતી.

વિક્રમ ઓફિસના કામમાં અતિવ્યસ્ત હતો. ત્યાં જ મોબાઈલમાં SMS વાંચતા જ તેની આંખોમાં હજારો સપનાં રમવા માંડયા. તેનું તેજ દિમાગ કામ પર લાગી ગયું હતું પણ જે SMS માં લખ્યું હતું તેની માટે બે-ચાર કલાક પૂરતાં ન્હોતા કશુંક એવું કરવું પડશે કે સાપ પણ મરે ને લાઠી પણ ન તૂટે. અચાનક તેની નજર સમાચાર પત્રના મુખ્ય પાનાં પર આવેલી જાહેરખબર પર અટકી તેણે જલ્દી જલ્દી તાળો મેળવી લીધો અને વળતો SMS કરી દીધો. હવે શાંતિથી તેણે જાહેરખબર પાછી વાંચી. ''કશુંક અદ્‌ભુત અને રોમાંચક અનુભવવું છે ? માણવું છે ? સ્વાગત છે અમારી ''સી પ્રીન્સેસ ક્રુઝ''માં જે તમને માત્ર ૨૪ કલાકમાં ખૂબ બધી યાદો આપી જશે'' બુકિંગ માટે સંપર્ક : મીસ નીતા વાલિયા ફોન નં ! xxxxxxxxxxxxx

''હેલો નીતા વાલિયા સ્પીકિંગ ''મેડમ, શનિવારનું બુકિંગ જોઈએ છે. સારામાં સારી કેબિન, પ્યોર વેજ ફૂડ.'' વિક્રમનો ઉત્સાહ ફોનમાં પણ છૂપો નહોતો રહેતો. ''શ્યોર સર, સી પ્રિન્સેસ પર તમારું સ્વાગત છે. તમારું એડ્રેસ લખાવી દો બુકિંગ આઈ ડી તમને મળી જશે પેમેન્ટ ત્યાં જ કરી દેજો. ગેટ વે ઓફ ઈંડિયા પર ૫.૪૫ વાગ્યે સી પ્રિન્સેસ પર હાજર થઈ જવું પડશે.'' ''જરૂર મેમ થેંક્યું'' ''વેલકમ સર'' બસ... ઘરે જઈને કપડાં, લેપટોપ, થોડાં કાગળિયાં લઈને નીકળી જઈશ. તેમ વિચારતો વિક્રમ પાછો ઓફિસમાં પોતાના કામમાં વ્યસ્ત થઈ ગયો.

આજે છ કેમ જલ્દી નથી વાગતા ? તેવા વિચારમાં વિક્રમની નજર વારંવાર ઘડિયાળ પર જતી હતી. બેચેની દૂર કરવા તેણે ઓફિસમાં એકાદ બે ચક્કર લગાવ્યાં. બે ચાર યાર દોસ્તોને ફોન કર્યા. ત્યાં જ મેડમ વાલિયાનો નંબર મોબાઈલ પર દેખાતાં વિક્રમ ખુશ થઈ ગયો.'' યસ... યસ... બસ પંદર મિનિટમાં જ ઘરે પહોંચું છું. થેંક્યુ...'' તેનું બુકિંગ થઈ ગયું હતું. તેણે ઓફિસમાંથી લેપટોપ લઈને ઘરે રિતસરની દોટ જ મૂકી. મા-બાપ દેશમાં રહેતાં હતાં. સાવ એકલો હતો એટલે ખાસ કાંઈ તૈયારી ન્હોતી કરવાની. ત્યાં જ દરવાજાની બેલ વાગી. રોકડા ૬૦૦૦/- ચૂકવીને વિક્રમે પોતાના જેકપોટની ટિકિટ લીધી.

સોફા પરથી મોબાઈલ ઉંચકીને સૌથી પહેલાં તેણે SMS કરી દીધો. ક્રુઝનું નામ, બુકિંગ આઈ ડી, કેબિન નંબર. હાશ... આરામથી તેણે સોફા પર લંબાવ્યું. હવે તેણે જે ધાર્યું હતું તે થશે જ. તેણે સૂવાનો પ્રયત્ન કર્યો. કારણકે વહેલાં ઉઠવાનું હતું પણ પડખાં ફેરવતો હતો છતાં ઊંઘ ન્હોતી આવતી ત્યારે તેના દોસ્તે કહેલી એક વાત યાદ આવી ગઈ ''મોર નાચતે હુએ ભી રોતા હૈ; હંસ મરતે હુએ ભી ગાતા હૈ, યહી જિંદગી કા ઉસૂલ હૈ દોસ્ત દુખોં વાલી રાત નીંદ કિસે આતી હૈ ? ઔર ખુશીવાલી રાત કૌન સોતા હૈ ? તે એકલો એકલો જ હસી પડયો. ત્યાં જ SMS નો ટોન સાંભળીને તે સતર્ક થઈ ગયો. મેસેજ વાંચીને તેને થોડો ડર લાગ્યો. પણ, હવે તેણે પસંદ કરેલો રસ્તો વન-વે જેવો હતો ત્યાં જઈ બધા શકે પણ પાછું કોઈના ફરી શકે. હવે પડશે તેવા દેવાશે એમ સમજી ને આગળ વધવું પડશે.

વિક્રમને થયું મમ્મી સાથે એકવાર વાત કરી લઉં. શનિ-રવિ ક્રુઝ ઉપર વાત કરવાનો સમય નહીં મળે તો તે ચિંતા કર્યા કરશે. તેને ક્યારેક મા ની અનુભવી વાણી લેક્ચર લાગતી. મા શિક્ષિકા હતી નાનકડા ગામમાં. ફોનની રિંગ જતી હતી મા નો હેલો... નો ટહુકો વિક્રમના હૃદયને સ્પર્શી ગયો. બધું છોડીને મા પાસે જવાનું મન થઈ ગયું ''હા... વિક્રમ બોલ બેટા... શું કરે છે ?'' ''બસ મા... એકદમ મજામાં બે દિવસ મિત્રો સાથે ક્રુઝ પર રહેવાનો કાર્યક્રમ બનાવ્યો છે. શનિ-રવિ જલસાં. મા એ મીઠું હસતાં તેની ટીખળ કરી.. ક્રુઝ પર... મિત્રો સાથે ? લગ્ન કરી લે હવે... એટલે શનિ રવિ શું કરવું ? કયાં જવું ? એ નક્કી કરવાવાળી આવી જશે. પછી મને પણ શાંતિ'' વિક્રમ અને મા બંને ખડખડાટ હસી પડયા. શું મા તું પણ... વિક્રમની આંખોમાં હજારો સપનાં આ એક વિચાર સાથે ઉપસી

આવ્યાં. મા ની આંખોમાં ભીનાશ તરી આવી. કેમ ? વિક્રમ સાચું છે ને... મારો દિકરો મોટા માણસ બની ગયો છે... ઘર છે, પૈસા છે, ભણતર છે શું જોઈએ ? એક વાત યાદ રાખજે બેટા મહત્વનું થવું તે સારું છે પણ સારાં થવું તે મહત્વનું છે'' વિક્રમ ચૂપચાપ સાંભળી રહ્યો. મા કોઈ ભવિષ્યવાણી નથી કરી રહી ને હા, મા... હવે પાક્કું લગ્ન કરી જ લેવા છે સોમવારે વાત... ચલ બાય... હેપી જર્ની, થેંક્યું ની આપ લે પછી ફોન મૂકાઈ ગયો.

રાતના ત્રણ **SMS** આવ્યા. વિક્રમ ને તેમાં લખેલો આંકડો વાંચીને ચક્કર આવી ગયા. સિકંદર બનવાની હોડમાં તે સફળ થઈ ગયો હતો. તેના ઘરથી ગેટ વે ઓફ ઈંડિયા ખાસ્સું દૂર હતું. ચાર વાગ્યે નીકળીશ ત્યારે માંડ ૫.૩૦ વાગ્યે ત્યાં પહોંચીશ, એમ વિચારતાં અર્ધી રાત્રે વિક્રમ ઝડપથી તૈયાર થઈ ગયો. આજે તેની ભૂખ તરસ બધું સૂકાઈ ગયું હતું. તેને સી. પ્રિન્સેસ પર જવાની ઉતાવળ આવી ગઈ હતી.

૫.૩૦ વાગ્યે ગેટ વે ઓફ ઈંડિયા અને સી. પ્રિન્સેસ બંને તાજગીથી તરબતર હતા. બુકિંગ આય ડી દેખાડીને વિક્રમ સી-પ્રિન્સેસમાં ગયો. અહીંયા રાત-સવાર જેવું કાંઈ લાગતું જ ન્હોતું. પાણી પર સરકતાં શહેરને જોઈને તે બે ઘડી માટે બદ્ધું જ ભૂરી ગયો. બધા પેસેન્જર બોર્ડ પર આવી ગયા. ત્યાં જ કેપ્ટને હુંફાળા અવાજે શરૂઆત કરી'' ગુડ મોર્નિંગ, સી પ્રિન્સેસ અને અમારી ટીમ તમારું સ્વાગત કરે છે. આજની સવારથી કાલની રાત સુધી સપનાં સાચા કરવાની ઘડી છે. તમારી જિંદગીની પળો અને પળોની જિંદગી જીવવાનો સમય આવી ગયો છે ચિયર્સ ટુ સી પ્રિન્સેસ...'' પેસેન્જર્સે તાળીઓના અવાજથી કેપ્ટનને વધાવી લીધા.

કોઈને કેબિન તરફ જવાની ઉતાવળ ન્હોતી ડિસ્કો, પબ સ્વિમિંગ પુલ, થિયેટર, શોપિંગ માર્કેટ, બુકશોપ, લહેરાતો દરિયો બત્રીસ પક્વાન અને અઢળક ખુશીઓની ભરમાર.

વિક્રમે સામાન કેબિનમાં મૂકીને જોયું તો તે છક્ક થઈ ગયો. દિવાલોની જગ્યાએ લહેરાતો દરિયો અને સ્હેજ ત્યાંથી બીર ખૂલે તો મોજાંના અવાજ સાથે દરિયાનો ઘૂઘવાટ... ચાલો બોસ... આટલું મોટું કામ થાય છે તો પાર્ટી તો બનતી હૈ યાર... તે ખુદ હસી પડયો. મોજ મસ્તી, નાચગાન ને ખાણીપીણી માં મશગૂલ વિક્રમને સી પ્રિન્સેસ પરથી સૂર્યાસ્ત જોયો ત્યારે ખ્યાલ આવ્યો કે એક સબ સલામતનો **SMS** તો કરી દઉ. પછી ગેમ રમાડવાની શરૂઆત થઈ. વિક્રમને કંટાળો આવતો હતો. ત્યાં જ, એક છોકરી મોબાઈલ પર વાતો કરતાં કરતાં વિક્રમની બાજુમાં ગોઠવાઈ ગઈ. વિક્રમ તેને જોતો રહ્યો. ફોન મૂકીને તેણે વિક્રમની સામે જોયું, ''હેલો જેન્ટલમેન, લાગે છે વીક એન્ડ ક્રુઝ પર પહેલી વાર પ્રવાસ કરો છો ?'' તેણે થોથવાઈને જવાબ આપ્યો હા... હા... એમ જ સમજો ને. થોડું કામ થોડો આરામ... પેલીને વિક્રમ સાથે બિલકુલ અજાણ્યું લાગતું જ નહોતું. રાતના ૧૦-૧૦.૩૦ વાગવા આવ્યા. વિક્રમથી સ્હેજ બોલાઈ ગયું આવોને મારી કેબિનમાં. માયપ્લેઝર. પેલીને જાણે એ જ જોઈતું હતું. તે તરત જ તૈયાર થઈ ગઈ. ખરી રીતે તેનો ધંધો જ આ હતો પૈસાદાર બકરાને ફસાવવાનો. તેના રૂમમાં જઈને તેને ખંખેરી લેવાનો. રૂપિયા, પૈસા, ચેન, ઘડિયાળ બધું લીને ગાયબ... આટઆટલી વાતો કરવા છતાં વિક્રમને તેનું નામ ન્હોતું ખબર. પેલી જાણે વર્તી ગઈ હોય તેમ તરત તેણે કહ્યું, ચાંદની...ચાંદની શાહ છે મારું નામ... નાઈસ નેઈમ... વિક્રમે મસ્કા મારતાં કહ્યું. તમે આવો. હું થોડો ફ્રેશ થઈ જાઉ કેબિનમાં...

ચાંદની ને તો બગાસું ખાતાં પતાસું મળી ગયું હતું. ૧૫-૨૦ મિનિટમાં તે વિક્રમની કેબિનમાં હતી તેની નજર વિક્રમના ચેન, મોબાઈલ અને લેપટોપ પર હતી. અડધો પોણો કલાકથી વાતો, **LCD** પર પિક્ચર, નાસ્તો ચાલતું હતું. ત્યાં મોબાઈલ પર મેસેજ આવ્યો સબ તૈયાર રખ્ખો. દુલ્હન કો લેને ડોલી નિકલ ગઈ હૈ. બારાત ૨.૦૦ બજે આયેગી. આ વાંચીને વિક્રમ પસીનો પસીનો થઈ ગયો. તે વાત ચાંદનીના ખ્યાલ બહાર ન રહી. શું થયું કાંઈ પ્રોબ્લેમ ? વિક્રમે જવાબ આપ્યો નો... નો... પ્રોબ્લેમ. મનમાં બોલ્યો જોગમાંયા તું ખુદ પ્રોબ્લેમ છો ક્યાં તને મેં બોલાવી ? હવે અત્યારના જવાનું કહીશ ને આને કાંઈક શક આવી ગયો તો ? વિક્રમે ડહાપણ બતાવવાનું શરૂ કર્યું, ''મારા બોસનો મેસેજ છે. એક મિનિટ પણ કયાં આરામ છે ચાંદની... એક કામ કરો તમે મૂવી જુઓ અને થોડીવાર બેસો હું કામ પતાવી લઉ. પછી ચાંદની સાથે ચાંદની રાતમાં ડૅક પર જઈને બેસવાની મજા જ કાંઈક અલગ આવશે.''

ચાંદની ખડખડાટ હસી પડી ''વાઉ વિક્રમ ! ખૂબ સરસ ગુજરાતી બોલો છો. કાંઈ વાંધો નહીં તમે તમારું કામ પતાવો. હું બેઠી છું. પછી નીકળીએ'' વિક્રમ લેપટોપ પર કામ કરવા બેઠો ચાંદની વિચારે ચડી ગઈ. મુંબઈમાં કેવી જિંદગી થઈ ગઈ હતી એની પાસે પૈસા હતા, વસ્તુો હતી પણ ઈમાનદારી જિંદગી જીવવાની કોશિશ કરી તે નાકામિયાબ નીવડી. તે એસ્કોર્ટ હતી. મોટા ઓફિસર કે અમીર બાપની બિગડી ઔલાદ સાથે રાતના રહીને પૈસા પડાવવામાં તે હોશિયાર હતી.

આંખોમાં સહેજ ભીનાશ ઉતરી આવી હતી. મા-બાપ, બેનને છોડી નાનકડા ગામમાંથી રૂપના જોરે હિરોઈન બનવા આવી હતી. પણ આ શહેરે તેને જોરદાર તમાચો માર્યો હતો. માથે છાપરું ન હોય તેવા ઘરે નાનકડા ગામમાં જિંદગી વિતાવવી નહોતી. મજબૂરીથી તેણે આ 'ધંધો' સ્વીકારી લીધો હતો. આજે તેની આંટીએ તેની 'ડયુટી' આ ક્રુઝ પર ગોઠવી હતી.

આરામ ખુરશી પર બેસીને વિચારતા વિચારતા તેને ક્યારે ઊંઘ ચડી ગઈ તે જ ખબર ન પડી. સ્હેજ કાંઈક અવાજ સંભળાયો. તેણે ઘડિયાળમાં જોયું બે વાગ્યા છે. અને આ વિક્રમ લેપટોપ પર તો નથી! પલંગ પર નથી! ગયો ક્યાં? ત્યાં જ એક બારી જે દરિયા પાસે પડતી હતી ત્યાં ખખડાટ સંભળાયો. વિક્રમ બારી પાસે નીચો વળીને કાંઈક કરી રહ્યો હતો. તેના પગલાંનો બિલકુલ અવાજ ન થાય તેમ તે ટેબલ પાસે ગઈ. ત્યાં મોબાઈલની લાઈટમાં તેણે જોયું ઘણાં બધા નકશા હતા. ૨-૩ **CD** હતી. એક મોટા નકશા પર અચાનક ધ્યાન ગયું તેમાં 'બોમ્બે હાઈ' પર લાલ ચકરડું હતું.

ચાંદનીને માત્ર એટલો ખ્યાલ આવ્યો કે વિક્રમ અહીં મજા કરવા નથી આવ્યો તે કાંઈ ખતરનાક ખેલ ખેલવા આવ્યો છે. તે હળવા પગલે બાથરૂમ તરફ વળી. તેણે જોયું. વિક્રમનું બિલકુલ ધ્યાન નથી તે બારી ખોલવાની પળોજણ કરી રહ્યો છે. કદાચ આટલા વખતમાં બારી ખોલવાની કોઈને જરૂરત પડી જ નહીં હોય તે સખત જામ થઈ ગઈ હતી.

ચાંદનીના હાથ પગ પસીનો પસીનો થઈ ગયા હતો. તેણે ધ્રુજતા હાથે તેને એક જ નંબર યાદ આવ્યો ૧૦૦ તે નંબર ઘુમાવ્યો. સામેથી સવાલ આવ્યો ''મેડમ ક્યાંથી બોલો છો?'' સી. પ્રિન્સેસ ક્રુઝ પરથી પેલી તરફ ઈન્સ્પેક્ટર આદિત્ય રાવ હતા તે સડક થઈ ગયા એટલે આતંકવાદીઓ પાણીનો આશરો લઈને ઘા કરવા બેઠા છે... તેણે ચાંદનીને કહ્યું, ''મેડમ સી-પ્રિન્સેસ એકઝેટલી ક્યાં છે તે જણાવી શકો? ચાંદનીએ થોડી ચીડ સાથે જવાબ આપ્યો, 'ના... મને કાંઈ જ ખ્યાલ નથી. એક કેબિનની બાથરૂમમાંથી હું વાત કરું છું.'' ''ઠીક છે... માત્ર એક કામ કરજો તમે તે માણસને કાંઈ પણ કરીને રોકી લેજો ત્યાં જ માત્ર ૨૦ મિનીટ મેડમ... પ્લીઝ.'' ઠીક છે સાબ હું પ્રયત્ન કરું છું.'' ચાંદની એ મોબાઈલ બંધ કરીને હવે શટું કરવું નો વિચાર શરૂ કર્યો. તેણે હળવેથી બાથરૂમનો દરવાજો ખોલ્યો. બારી ખૂલી ગઈ હતી! વિક્રમ હજી લેપટોપ પર કાંઈ કરતો હતો.

ચાંદની બાથરૂમમાં જતાં પહેલાં એક ચાલાકી કરી ગઈ હતી. આરામખુરસી પર તેનો દુપટ્ટો લહેરાવીને ગઈ હતી. એટલે દૂરથી એવું લાગે કે તે સૂતી હશે એટલે દુપટ્ટો થોડો નીચે આવી ગયો છે. હવે બખેડો કયો કરવો કે આ વિક્રમનું ધ્યાન તેના તરફ જ રહે? ત્યાં જ અચાનક તેણે બાથરૂમમાંથી ઉબકાના અવાજ શરૂ કર્યા. વિક્રમ સફાળો ચોંકી ગયો. ચાંદની જાગી ગઈ છે? તે બાથરૂમ તરફ દોડયો. ચાંદનીએ જવાબ શોધી જ રાખ્યો હતો. સી સિકનેસ... લાગે છે એકાદ ગોળી લઈશ તો આરામ થઈ જશે. પાછો ઉબકાનો સિલસિલો શરૂ થયો. તેણે સાથે સાથે બીજો ઉપાય પણ અજમાવ્યો તેણે બાથરૂમની ટાઈલ્સ પર ખૂબ બધું શેમ્પુ રાખી દીધું ને ફીણ ફીણ કરી નાખ્યા. વિક્રમ ચકરાવે ચડી ગયો. તેણે **SMS** કર્યો **wait** વિક્રમની કેબિન પાસે આવેલી સબમરીન પાણીમાં નીચે સરકી ગઈ. ચાંદનીએ શેમ્પુના ફીણમાં લપસી પડવાનું નાટક કર્યું ઓ વિક્રમ ઓ મા... મરી ગઈ રે.. વિક્રમ પાછો દોડયો.

આ તરફ ઈન્સપેક્ટર આદિત્ય રાવ કામ પર લાગી ગયા હતા. આ નેવલ ઓપરેશન હતું. તેમણે નેવી ઓફસિર શશાંક સોમપુરાને ફોન કર્યો ને બધી બાબત સમજાવી કે આંધળાના ગોળીબારની રમત જેવો ખેલ છે. ચાંદની નામની છોકરીએ ફોન કરીને કહ્યું છે કે કેબિન નં ૭૧, સી-પ્રિન્સેસ ક્રુઝ પર વિક્રમ શેઠ નામનો માણસ કાંઈ ખેલ કરે છે. તેણે તેની પાસે બોમ્બે હાઈ નો નકશો જોયો. વગર કારણે તે કેબિનની નીચેની બારી ખોલવા મથે છે. વારેઘડીએ **SMS** કરે છે અને હવે આપણે આમાંથી કશુંક નક્કર શોધવાનું છે. શશાંક સોમપુરાએ મરીન ઓપરેશન શરૂ કર્યું. નેવલ હેલિકોપ્ટરે સી-પ્રિન્સેસથી સુરક્ષિત અંતર રાખીને તપાસ શરૂ કરી. થોડીવાર પછી એક સાવ નાનકડી કાળી બોટ દેખાણી. શશાંક સોમપુરા ચોંકી ગયા સબમરીન! સી-પ્રિન્સેસની સાવ નજીક સબમરીન શું કરે છે?

ત્યાં જ હેલિકોપ્ટરના પાયલોટે કહ્યું, ''સર, સબમરીનમાં થોડી હિલચાલ દેખાય છે લગભગ બે-ત્રણ માણસો છે શશાંક સોમપુરાએ હેડ ક્વાર્ટરને જરૂરી માહિતી આપી દીધી. ઈન્ડિયન નેવલ કમાન્ડની સબમરીન રાતના અંધારામાં પાણીમાં સરકી ગઈ. સાવ ચૂપચાપ જાહેર જનતા, મીડિયા કે ક્રુઝનાં કોઈને જ ખબર ન પડે તેમ આ ઓપરેશન પૂરું કરવાનું હતું. ઈન્ડિયન નેવીની સબમરીનના બ્લેક કેટ કમાન્ડોએ અણધાર્યો હુમલો કર્યો અને માણસોને ઠાર કર્યા. હવે વારો વિક્રમ શેઠનો હતો. ચાંદની હડી પણ ઉબકા કરતી હતી. હવે તે હાંફી ગઈ હતી પણ હાર માને ચાલે તેમ નહોતું.

શશાંક સોમપુરો પોતાના બે ઓફિસરને સી. પ્રિન્સેસના ડેક પર હેલિકોપ્ટરમાંથી ઉતરવાનો આદેશ આપ્યો. ડેક પર માણસોની ખાસ ભીડ ન્હોતી પણ ત્યાં હતા તેઓ ડઘાઈને આ બધું જોતાં રહ્યા. કેબિન નં ૭૧ કિધર હૈ ? ઓફિસરે વેઈટરને પૃચ્છા કરી, ''સર મૈં આપકો લે ચલતા હું'' વેઈટરે કેબિન નં. ૭૧માં ટકોરા માર્યા. વિક્રમને લાગ્યું કે 'પેલો' હોવો જોઈએ. એને સબમરીનમાંથી કૂદીને અહીં આવવાની શું જરૂર હતી ? તે દરવાજો ખોલવા દોડયો. દરવાજો ખૂલતાં જ ઓફિસરે તેના લમણાં પર સીધી રિવોલ્વર જ તાકી વિક્રમ શેઠ... સરહદ પારની સબમરીનમાં રહેલાં માણસો સાથે તમે શું કરતાં હતા? તે સબમરીનમાંથી એક ન્યુક્લિયર મિસાઈલ મળી આવી છે. આટલીવારમાં તો બીજા ઓફિસરે તેનું લેપટોપ **CD** બધું જ શરૂ કરી દીધું હતું. સર... વિક્રમ શેઠનો ઈરાદો ખૂબ ખતરનાક હતો. **CD** માં આર્મ્સ એન્ડ એજ્યુનેશન રાખ્યાં છે તે સ્થળોનાં નામ અને નકશા છે. બોમ્બે હાઈનો નકશો છે કદાચ આ ન્યુકિલયર મિસાઈલથી તેઓ તેને ઉડાડવાનો પ્રયત્ન કરવાનો હોય... અને બીજી **CD**માં છે આર્મીના અમુક ચુનંદા ઓફિસરોનાં નામ સરનામાં.

ઓફિસરની એક લપડાકથી તેની આંખો સામે અંધારું છવાઈ ગયું. પાળેલા પોપટની જેમ તેણે વસ્તુઓ કબૂલવા માંડી તેણે જ્યારે આર્મ્સ એન્ડ એન્યુનિશનની ઓફિસમાં નોકરી મળી ત્યારે તેનો મોબાઈલ નંબર આતંકવાદીઓ પાસે પહોંચી ગયો. દરેક **CD** અને દરેક નકશાની તેઓએ કિંમત આપી હતી એક કરોડ... વિક્રમના મોબાઈલમાં ઓફિસરે મેસેજ ચેક કર્યા. તે ચોંકી ગયો જ્યારે તેણે વાંચ્યુ કે દુલ્હન કો લેને ડોલી નિકલ ગઈ હૈ. બારાત ૨.૦૦ બજે આયેગી. હવે બધી ગડ તેમનાં મનમાં બેસી ગઈ દુલ્હન એટલે **CD** નકશા અને ડોલી એટલે સબમરીન. એક જોરદાર લપડાક પાછી વિક્રમના ગાલ પર પડી. આ ન્યુક્લિયર મિસાઈલ કેમ છે સબમરીનમાં ? ઓફિસરના અવાજના પડઘા સંભળાયા. મ મને નન નથી ખબર સર.... સાચે મારી સાથે વાત **CD** અને નકશાની થઈ હતી. ગદ્દાર, દેશદ્રોહી... તારી જગ્યા સી. પ્રિન્સે પર નથી ચાલ... અહીંથી નીકળ. ત્યારે જ ઈન્સ્પેક્ટર આદિત્ય રાવ પણ આવ્યા. હવે પોલીસ, નેવીવાળાને જોઈને ધીરેધીરે બધા પોતાની કેબિનમાંથી બહાર નીકળવા માંડયા હતા.

ઓફિસર્સ વિક્રમને લઈને આગળ ચાલ્યા ગયા. ઈન્સપેક્ટર રાવ ચાંદની સામે જોતાં હતાં. એકદમ નિર્દોષ, ગભરાયેલી, હેબતાયેલી છોકરી સાવ ખૂણામાં લપાઈને ઉભી હતી. ચાંદની શાહ બરાબરને ? હા... હા સાહેબ. તે જ મને ફોન કર્યો તો ને ? હા... મેં જ ફોન કર્યો હતો. થેંક્સ ચાંદની તારા એક ફોનથી આખો દેશ અને આર્મીના ઓફિસરો બધાં બચી ગયા. રાવથી તેના માથે હાથ મૂકાઈ ગયો. સાહેબ, એક વિનંતી છે. મિડીયામાં મારું નામ કયાંય નહીં આવવા દેતા. હેરાન થઈ જઈશ હું... રાવે હકારમા માથું હલાવ્યું. બસ, અહીં આ કેબિનમાંથી બહાર નીકળી જા પછી હું સંભાળી લઈશ. ''ચાંદની, એક વાત પૂછું ?'' સાહેબ કરવા તો હું એ જ આવી હતી. તેના મોબાઈલ અને લેપટોપ પર જ મારી નજર હતી. પણ સાહેબ તેના તેવર કાંઈક અલગ જ હતા. તેણે **SMS** વાંચ્યા, લેપટોપ ઓન કર્યું અને આ નકશા... મને કાંઈક ઠીક ના લાગ્યું એટલે ફોન કર્યો તમને... બીજા ત્રણ ઓફિસર્સ પણ ચૂપચાપ તેની વાત સાંભળતા હતા. ''સાબ હમ તન બેચતે હૈ. વતન નહીં.'' કહીને ગર્વી..... ચાલે તે કેબિન નં. ૭૧ માંથી નીકળી ત્યારે રાવ સહિત ત્રણે ઓફસર્સે તેને સલામી આપી.

❖❖❖

## લાગણીઓ વધુ મહત્વની હોય છે

**એ**ક યુવતી ઑફિસથી ઘેર પાછી આવી રહી હતી. એ વખતે એની કારનો આગળનો ભાગ આગળની કારના પાછલા હિસ્સા સાથે અથડાઈ પડયો. પેલી યુવતીની આંખમાંથી તો આંસુ વહેવાં લાગ્યાં. પોતાની કાર તદ્દન નવી છે અને થોડા દિવસ પહેલા જ શો રૂમમાંથી લીધી છે. હવે આ કારને થયેલાં નુકશાનની વાત પતિને કયા મોઢે કહીશ, એમ એ પેલી કારના માલિકને કહેવા લાગી. પેલા કારમાલિકે પણ સહાનુભૂતિ બતાવી. એ સાથે જ એણે કહ્યું કે આપણે એકમેકના લાઈસન્સ નંબર અને રજિસ્ટ્રેશન નંબર લખી લેવાં જોઈએ. નંબરનો કાગળ કાઢવા યુવતીએ પોતાના ભૂરા મોટા કવરમાં હાથ નાખ્યો તો એના હાથમાં એક કાગળ આવ્યો.

યુવતીના પતિએ એ કાગળમાં લખ્યું હતું : 'અકસ્માત થાય તો એ યાદ રાખજે કે હું કારને નહીં, તને પ્રેમ કરું છું.'

# શ્રી ઝાલાવાડી સ્થા. જૈન સભા – આયોજીત
# સાધાર્મિક વાત્સલ્યરૂપ ભગવતી પ્રસાદ પ્રભાવનાના પ્રેરક
# શ્રીમતી ભાનુબેન સતીષભાઈ દોશી પરિવાર

વઢવાણ નિવાસી - હાલ- પવઈ, રહેતા પ્રભાવનાના પ્રેરક દાતાશ્રી સતીષભાઈ દોશી, મુંબઈ દ્વારા રવિવાર તાઃ૨૫/૮/૨૦૨૪ ના રોજ બપોર ના ૪ કલાકે શ્રી ભગવતી પ્રસાદ ની પ્રભાવના નું વિતરણ નાલાસોપારા શ્રી નંદલાલ તારાચંદ ઉપાશ્રયમાં સભાના સભ્યો ભાઈઓ - બહેનો માટે કરવામાં આવેલ. આ પ્રભાવનામાં સભ્યો ને સાડી ૧, ૩૦ કિલો બાસમતી પોણીયા ચોખા, અનાજ ભરવાના ૫ ડબ્બા નો સેટ ૧, ટુવાલ નંગ ૨, સોલાપુરી ચાદર ૧, કાજુ, કીસમીસ, અખરોટ, બદામ, જરદાલું દરેક વસ્તુ ૨૦૦ ગ્રામ તેમજ ખજૂર પાક ૧ પેકેટ વિ. નું વિતરણ કરવામાં આવેલ. આ પ્રસંગે શ્રી સતીષભાઈ દોશી પધારેલ ભાઈ બહેનોને કહ્યું કે આપ સર્વ અહીંયા ઉપસ્થિત રહી આ પ્રભાવના સ્વીકારી આભારી કર્યો એ માટે હું આપ સર્વે નો તેમજ શ્રી ઝાલાવાડી સભા નો ઋણી છું.



આ પ્રસંગે નાલાસોપારા ઉપાશ્રયના કન્વીનરો શ્રીમતી દિપ્તીબેન શાહ તથા શ્રી નરેન્દ્રભાઈ ગાંધી તેમજ કારોબારી સભ્યો શ્રી અશોકભાઈ તુરખીયા, શ્રી મહેશભાઈ દોશી તેમજ શ્રી સુબોધભાઈ શાહ તથા સ્થાનિક કાર્યકરો ઉપસ્થિત હતા.

મૈત્રભાવનું પવિત્ર ઝરણુ .... ફેલાવતુ અને સૌને સમાન ગણાવતા સંતો નો પંથ પકડીને ચાલવાની પ્રેરણા આપતો આ સંદેશ વિશ્વમાં જૈન ધર્મની અધ્યાત્મ સાધના તરફ દોરી જવાનું કાર્ય કરતું આ આયોજન આપણે સહુ ને નિર્મળતાનું મહત્વ સમજાવીને એક નવા અધ્યાયમાં પ્રવેશ કરાવે છે. જ્યાં દિલ બોલી ઉઠે છે કે સહુ પ્રાણી - મિત્રો આ સંસારના મુજને વહાલા થાજો.



તા. ૩૧.૦૮.૨૦૨૪ ના શ્રી સતીષભાઈ દોશીએ પોતાના ગૃહાંગણે વિરાર અને વસઈના ઝાલાવાડી સભાના સભ્યોને બોલાવેલ જ્યાં વિરાર-વસઈના ભાઈ-બહેનોએ ગરબાની રમઝટ બોલાવી હતી અને આ પ્રસંગે શ્રી સતીષભાઈ દોશીએ ''વિરાર-વસઈ ના વાસી જાણે મથુરા ને કાશી'' સ્વરચિત કવિતાનું પઠન કરતાં દરેક ઉપસ્થિત લોકો ભાવુક બન્યા હતા. અને દરેકને શ્રી સતીષભાઈ દોશી અને એમના ધર્મપત્ની ભાનુબેન દોશીના સ્વહસ્તે યાદગીરી રૂપે ભેટ આપવામાં આવેલ.

શ્રી ઝાલાવાડી સભા મુંબઈ દ્વારા સંચાલિત શ્રી નંદલાલ તારાચંદ વોરા જૈન ઉપાશ્રયના કન્વીનર શ્રીમતી દિપ્તીબેન શાહએ શ્રીમતી ભાનુબેન દોશીને શાલપહેરાવી બહુમાન કરેલ. આ પ્રસંગે શ્રી ઝાલાવાડી સભાના કમિટી મેમ્બર્સ શ્રી સુબોધભાઈ શાહ અને શ્રી જયેશભાઈ ઝોબાલીયા તથા વસઈના સભાના પ્રતિનિધી શ્રી નિતિનભાઈ જસવાણી તેમજ વસઈ-વિરાર-નાલાસોપારા ઝાલાવાડી મહિલા મંડળના ઉપ-પ્રમુખ શ્રીમતી ઉર્વીબેન ગોપાણી તેમજ મહિલા મંડળના અન્ય પદાધિકારીઓ તથા કાર્યકરો ઉપસ્થિત રહ્યા હતા.

❖❖❖

# સંસ્થા સમાચાર

શ્રી ઝાલાવાડી સ્થા. જૈન સભા ના ઉપક્રમે તા:૪/૮/૨૦૨૪ ને રવિવારે સવારે ૧૦.૦૦ થી સાંજના ૭:૦૦ ના સમય દરમિયાન આપણા શ્રી ઝાલાવાડી સ્થાનકવાસી જૈન સભા, મુંબઈ સંચાલીત શ્રી નંદલાલ તારાચંદ વોરા જૈન ઉપાશ્રય નાલાસોપારા માં જૈન એલર્ટ ગ્રુપ અને કલ્યાણ મિત્ર ફાઉન્ડેશન ના સહયોગ થી ફક્ત જૈનો માટે સેમીનાર રાખવામાં આવ્યો હતો.

જેમાં ઈન્કમ સર્ટીફીકેટ / 'ડોમેસાઈલ સર્ટીફીકેટ' તથા હમણાં જાહેર કરવામાં આવેલ ''માઝી લાડકી બહેન યોજના'' અંતર્ગત નું રજીસ્ટ્રેશન નું કાર્ય નિશુલ્ક કરાવી આપવા માં આવેલ. જેમાં સારી સંખ્યામાં દરેકે ભાગ લીધો હતો. આ કેમ્પ ખુબજ સફળતા પૂર્વક સંપન થયો.

દરેક કાર્યકરોના યોગ્ય સાથ સહકાર સાથે ૨૭૨ વ્યક્તિને 'ઇન્કમ સર્ટિફિકેટ' તેમજ 'ડોમેસાઈલ સર્ટીફીકેટ' અને 'મુખ્યમંત્રી માજી લાડકી બહેન યોજના' અંતર્ગત ૭૨ સર્ટિફિકેટ એમ કુલ ૩૪૪ સર્ટિફિકેટ માટેના રજીસ્ટ્રેશન ફી ઓફ કોસ્ટ કરી આપવામાં આવ્યાં.

દરેક સર્ટિફિકેટ માટે રજીસ્ટ્રેશન ચાર્જ નિ:શુલ્ક કરાવી આપનાર માનવંતા મહેમાન એવા પૂર્વ નગરસેવક અને 'સ્વરાજ અભિયાન' ના અધ્યક્ષ શ્રી ધનંજય ગાવડે આ પ્રસંગે ખાસ ઉપસ્થિત રહ્યા હતા જેમનું શ્રીફળ, હાર અને શાલ ઓઢાડી બહુમાન કરવામાં આવ્યું. આ પ્રસંગે શ્રી ઝાલાવાડી સ્થાનકવાસી જૈન સભા- મુંબઈ ના કમિટી મેમ્બર શ્રી મહેશભાઈ દોશી , નવિનભાઈ જશવાણી ઝાલાવાડી સભા, નાલાસોપારા ના પ્રતિનિધિ અને ઉપાશ્રયના કમિટી મેમ્બર રાજુભાઈ શાહ અને અનિલભાઈ જશવાણી એ પણ આ પ્રસંગે ઉપસ્થિત રહી ખુબજ સાથ સહકાર આપેલ.

લાભ લેવા આવનાર દરેકે દરેક વ્યક્તિઓ માટે ચા/બિસ્કીટ/નાસ્તાની અને માનવંતા મહેમાનો, કાર્યકર્તાઓ અને સરકારી કર્મચારીઓ માટે સવારની નવકરશી અને બપોરે સ્વરુચિ ભોજનની સુંદર સગવડતા આપણા ઉપાશ્રયમાં કરવામાં આવેલ.

સંકલનઃ
દિપ્તીબેન શાહ
નરેન્દ્રભાઈ ગાંધી
કન્વીનર નાલાસોપારા ઉપાશ્રય કમિટી

# ભણેલી ગણેલી છોકરી

**સનાતનકુમાર વાજપેયી**



સોમેશની વચેટ પુત્રી અલકા ફર્સ્ટ ક્લાસ સાથે એમ. એસસી. સાથે પાશ થઈ હતી. તેના પર તેને ખૂબ ગર્વ હતો. ઘઉં વર્ણો રંગ, ઠિંગણું કદ, નાક સામાન્ય. ઘરના કામ કરવામાં આળસુ. ભારતીય સંસ્કૃતિ તથા પરંપરાઓ માટે નફરતના ભાવ. ઉચ્ચા પદ પર બેસવાનું સ્વપ્ન હતું, પણ સમયની કઠિનતાના કારણે શિક્ષક બની ગઈ.

સોમેશને તે રૂઢિવાદી માનતી અને અપમાનીત કરતી અસંસ્કારીતા અને સામાન્ય શિક્ષિત મા ને તે દેવીનું સ્વરૂપ માનીને તેનું જ અનુકરણ કરતી. તેના વ્યવહારોથી સોમેશ મનમાં ને મનમાં ચિંતા કરવા લાગ્યો અને મૌન રહેવા લાગ્યો.

સોમેશે અલકાને અનુરૂપ કોઈ મુરતીયાની ચર્ચા શરૂ કરી. તેની માના મતે કોઈ મીડલ તથા મેટ્રીક પાસ છોકરા જો સરકારી નોકરીમાં હોય તો તે વધારે ઉત્તમ હતા. માં-દિકરી બંને સોમેશ દ્વારા ચલાવેલી વાતને નકારી દેતા.

